Thursday, 24 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઉત્સુક રહો, તે તમને શ્રેષ્ઠ બનાવશે, આપનું જીવન સાર્થક કરો.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૭૩ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ તેરસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# સેલવાસની નમો મેડિકલ કોલેજને MBBS માટે ૨૩ વધારાની બેઠકો મંજૂર કરાઈ



## શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે MBBS પ્રવેશ ક્ષમતા ૧૭૭થી વધારીને ૨૦૦ કરવામાં આવી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૩**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં તબીબી શિક્ષણના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ રૂપે કેન્દ્ર સરકારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નમો ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (NAMO MERI), સેલવાસની MBBS પ્રવેશ ક્ષમતા ૧૭૭ થી વધારીને ૨૦૦ કરવાને મંજૂરી આપી છે.

MBBS બેઠકોમાં આ વધારો આ પ્રદેશમાં તબીબી શિક્ષણના વિસ્તરણ અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ માટે જરૂરી માનવ સંસાધનોને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ સિદ્ધિ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ અને દેશના દરેક ક્ષેત્રમાં, ખાસ કરીને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ અને આરોગ્યસંભાળની પહોંચને વિસ્તૃત કરવાના તેમના સતત પ્રયાસોને વધુ મજબૂત બનાવે છે. આ મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરવા માટે દાદરા નગર હવેલી અને દમણ - દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલનું માર્ગદર્શન અને સતત સમર્થન બદલ સંસ્થાએ તેમનો આભાર માન્યો છે. મેડિકલ કોલેજમાં જરૂરી ફેકલ્ટીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સમર્પિત ભરતી સમિતિની રચના અને વધારાના શિક્ષણ પદોની મંજૂરી જેવા વહીવટી નિર્ણયોએ આ વિસ્તરણ શક્ય બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સંસ્થાએ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી. નડ્ડાનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો છે, જેમણે સતત સમર્થન, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું છે. તેમના સમર્થનથી દેશભરની તબીબી સંસ્થાઓને તબીબી શિક્ષણની ક્ષમતા અને ધોરણોને મજબૂત બનાવવા માટે સતત પ્રોત્સાહન મળ્યું છે. - (વધુ પાના નં.૨ પર)

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવિન દ્વારા

# દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રદેશ ભાજપ પ્રભારી તરીકે પ્રભાવી સંગઠક અને અનુભવી નેતા વર્ષાબેન દોશીની નિયુક્તિ

## વર્ષાબેન દોશીના રાજકીય સંગઠનાત્મક તથા શૈક્ષણિક ક્ષેત્રના બહોળા અનુભવને ધ્યાનમાં રાખી પ્રદેશ પ્રભારી તરીકેની સોંપવામાં આવેલી જવાબદારી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવિને દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના પ્રભારી તરીકે પ્રભાવી સંગઠક અને અનુભવી નેતા શ્રીમતી વર્ષાબેન દોશીની નિમણૂક કરી છે. આ નિમણૂક તાત્કાલિક પ્રભાવથી અમલી હોવાનું પણ જણાવાયું છે.

શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી ગુજરાતના વઢવાણ વિધાનસભા મત વિસ્તારનું ૨૦૦૭ થી ૨૦૧૭ સુધી પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે અને હાલમાં તેઓ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવિનની ટીમમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકેની જવાબદારી પણ સંભાળી રહ્યા છે.

શ્રીમતી વર્ષાબેન દોશીના રાજકીય સંગઠનાત્મક તથા શૈક્ષણિક ક્ષેત્રના બહોળા અનુભવને ધ્યાનમાં રાખી તેમને



દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

# દાનહ અને દમણ-દીવના સર્વાંગી વિકાસ, જન કલ્યાણ અને સંગઠનના આધારને ઔર વધુ સુદૃઢ અને વ્યાપક બનાવવા નવનિયુક્ત પ્રદેશ ભાજપ પ્રભારી વર્ષાબેન દોશીએ પ્રગટ કરેલી લાગણી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના પ્રદેશ પ્રભારી તરીકેની જવાબદારી મળવા બદલ શ્રીમતી વર્ષાબેન દોશીએ ભાજપના શીર્ષ નેતૃત્વ પ્રત્યે હૃદયથી આભારની લાગણી પ્રગટ કરી હતી.

શ્રીમતી વર્ષાબેન દોશીએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર તેમણે પ્રદેશ પ્રભારી તરીકેની જવાબદારી સુપ્રત કરવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવિન, કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને સંગઠન મહામંત્રી શ્રી બી.એલ.સંતોષનો આભાર પ્રગટ કર્યો હતો. તેમણે પ્રધાનમંત્રીશ્રીના 'વિકસિત ભારત'ના દૂરદર્શી સંકલ્પ અને સબકા સાથ, સબકા વિકાસ અને સબકા પ્રયાસના મૂળ મંત્ર ઉપર ચાલી દાદરા નગર હવેલી અને દમણ-દીવના સર્વાંગી વિકાસ, જન કલ્યાણ અને સંગઠનના આધારને ઔર વધુ સુદૃઢ અને વ્યાપક બનાવવાની પોતાની પ્રાથમિકતા હોવાનું જણાવ્યું છે.

પ્રદેશ ભાજપ પ્રભારી શ્રીમતી વર્ષાબેન દોશીએ પોતાના સંદેશમાં વધુમાં જણાવ્યું છે કે, દાદરા નગર હવેલી અને દમણ-દીવ વિસ્તારના પ્રત્યેક નાગરિકના કલ્યાણ તથા કર્મઠ કાર્યકર્તાઓના સહયોગથી વિકાસલક્ષી રાજનીતિને એક નવી ઊંચાઈ આપવા માટે પૂર્ણ નિષ્ઠાથી સમર્પિત રહેવાનો કોલ આપ્યો છે.

તેમણે સંગઠન દ્વારા સોંપવામાં આવેલ આ ઉત્તરદાયિત્વનું નિર્વહન પુરી પ્રમાણિકતા, સેવાભાવ અને રાષ્ટ્ર પ્રથમના સંકલ્પની સાથે કરવા માટે પોતાની પ્રતિબધ્ધતા પણ પ્રગટ કરી છે.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અધિક સચિવ અને રાષ્ટ્રીય આરોગ્ય મિશનના મિશન ડિરેક્ટર

# આરાધના પટનાયકે દાનહ અને દમણની લીધેલી મુલાકાત

## આરાધના પટનાયકે દમણની નમો હોસ્પિટલમાં તબીબી માળખાગત સુવિધાઓ, ડિજિટલ આરોગ્ય સેવાઓ, આભા કાર્ડ અને ઓનલાઈન ઓપીડી, બિન-ચેપી રોગ (એનસીડી) સ્ક્રીનીંગ, કેન્સર સ્ક્રીનીંગ, એનઆઈસીયુમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ, નવજાત શિશુ સંભાળ અને હોસ્પિટલની કાર્યકારી વ્યવસ્થા, જિલ્લા પ્રારંભિક હસ્તક્ષેપ કેન્દ્ર (ડીઈઆઈસી)ની પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણો (એનક્યુએએસ)નું પાલનની કરેલી સમીક્ષા











## શ્રીમતી પટનાયકે દાનહમાં નરોલી પી.એચ.સી. તથા નમો મેડિકલ કોલેજ અને નમો હોસ્પિટલની મુલાકાત કરી સંસ્થામાં તબીબી સુવિધાઓ, માળખાગત સુવિધાઓ, દર્દી સેવાઓ અને વિવિધ વિભાગોની કામગીરીનું બારિકાઈથી કરેલું નિરીક્ષણ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ/સેલવાસ, તા.૨૩**

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અધિક સચિવ અને રાષ્ટ્રીય આરોગ્ય મિશનના મિશન ડિરેક્ટર શ્રીમતી આરાધના પટનાયકે આજે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન, શ્રીમતી આરાધના પટનાયકે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી અને આરોગ્ય ક્ષેત્રે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોની પ્રગતિ અંગે ચર્ચા કરી હતી.

- (વધુ પાના નં.૨ પર)









## સુવિચાર - સદ્‌વિચાર

સપનાઓ સાચા કરવા માટે હિંમત અને મહેનત જરૂરી છે.

## કવિતા

### મારી વાલપના વિશરામ

મારી વાલપના વિશરામ, જીવન ધન સાચું રે,
જાણીએ ગુરુદેવની ટેક, બ્રદ નથી કાચું રે... મારી૦

અમને રાંકુને રોગ નાથ, ઓસડથી ઉગારો રે,
મારા રુદિયા કમળની માંય, પ્રેમે પધારો રે... મારી૦

જિયાં સદ્‌ગુરુજીનાં સુખ, દુઃખ નહીં કોઈ રે,
ત્યાં દાખું છું રે દયાળ, રવિ સન્મુખ જોઈ રે... મારી૦

મારા પ્રાણ પતિનો પ્રતાપ, ભરૂસો છે ભારી રે,
પતિવ્રતા ચડી નિરવાણ, ગુણિકાને ઉગારી રે... મારી૦

એવી વિકટ વેળામાં વાર, ત્યાં સાર તમારી રે,
મારા અવગુણનો નહીં પાર, તમે છો ગુણકારી રે... મારી૦

સખી સદ્‌ગુરુજીને સંગ, કારજ મેં કીધાં રે,
'ગંગારામ' સમર ગુરુ ખીમ, અવિચળ સુખ લીધાં રે... મારી૦

- ગંગ સાહેબ

## આજની જોક

શિક્ષક : એક દિવસ એવો આવશે જ્યારે આ પૃથ્વી પર પાણી નહીં રહે, જીવ જંતુ નષ્ટ થઈ જશે, પૃથ્વી તબાહ થઈ જશે.
વિદ્યાર્થી : સર! તો શું તે દિવસે સ્કૂલ આવવાનું છે?...




## કબીર વાણી

**જો દેખા સો વિનાશ હિ, નામ ધર્યા સો જાય;**
**કબીર, ઐસા તત્વ ગ્રહો, જો સદ્‌ગુરૂ દિયે બતાય.**

**- અર્થાત-**

આંખે દેખાતી જે વસ્તુઓ છે તે સર્વે નાશ પામવાની, જેનું નામ તેનો નાશ છેજ; માટે હું (કબીર) તને કહું છું કે, જે તત્વ તારા સદ્‌ગુરૂએ તને દેખાડી આપ્યું હોય, તે (ખરાં) તત્વનેજ તું પકડી રાખ.



## ચાણક્ય ઉવાચ

**ગતશોકો ન કર્તવ્યો ભવિષ્યં નૈવ ચિન્તયેત્।**
**વર્તમાનેન કાલેન વર્તન્તિ વિચક્ષણાઃ॥**

**-અર્થાત-**

જે સમય વીતી ગયો છે તેનો અફસોસ ન કરવો જોઈએ અને ભવિષ્યની ચિંતામાં ડૂબેલા ન રહેવું જોઈએ. બુદ્ધિશાળી લોકો હંમેશાં વર્તમાન સમયને જોઈને જ પોતાનું કાર્ય કરે છે અને જીવે છે.

## આજનો દિન વિશેષ

### ભીખાઈજી રુસ્તમ કામા

ભીખાઈજી રુસ્તમ કામા (૨૪ સપ્ટેમ્બર ૧૮૬૧ - ૧૩ ઓગસ્ટ ૧૯૩૬), જેમને મેડમ કામા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રણી વ્યક્તિઓમાંના એક હતા.તેમણે ૨૨ ઓગસ્ટ, ૧૯૦૭ના રોજ સ્ટુટગાર્ટ ખાતે આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં સ્વતંત્ર ભારતના ધ્વજના પ્રારંભિક સંસ્કરણોમાંથી એક લહેરાવ્યું હતું, અને તેઓ સ્ટુટગાર્ટ ખાતે આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં વિદેશી રાષ્ટ્રમાં ભારતીય ધ્વજ લહેરાવનાર પ્રથમ વ્યક્તિ હતા.

**શરૂઆતનું જીવન :** ભીકાઈજી કામાનો જન્મ બોમ્બે (હવે મુંબઈ) માં એક મોટા, સમૃદ્ધ પારસી ઝોરોસ્ટ્રિયન પરિવારમાં થયો હતો. તેમના માતાપિતા, સોરાબજી ફ્રેમજી પટેલ અને જયજીબાઈ સોરાબજી પટેલ, શહેરમાં જાણીતા હતા, જ્યાં તેમના પિતા સોરાબજી -તાલીમ દ્વારા વકીલ અને વ્યવસાયે વેપારી - પારસી સમુદાયના પ્રભાવશાળી સભ્ય હતા. તે સમયની ઘણી પારસી છોકરીઓની જેમ, ભીખાઈજી એલેક્ઝાન્ડ્રા ગર્લ્સ ઈંગ્લિશ ઈન્સ્ટિટ્યૂશનમાં ભણતા હતા.ભીખાઈજી એક મહેનતુ, શિસ્તબદ્ધ બાળક હતા અને ભાષાઓ પર પણ તેમનું પ્રભુત્વ હતું.તેઓ ક્રિકેટમાં પણ નિપુણ હતા.

૩ ઓગસ્ટ ૧૮૮૫ના રોજ બોમ્બે ખાતે, તેમણે રુસ્તમજી કામા સાથે લગ્ન કર્યા, જે કે. આર. કામાના પુત્ર હતા,અને એક વફાદાર પરિવારના હતા. તેમના પતિ એક શ્રીમંત, બ્રિટિશ તરફી વકીલ હતા જે રાજકારણમાં પ્રવેશવાની ઈચ્છા રાખતા હતા. તે સુસંગત કે સુખી લગ્નજીવન નહોતું, અને ભીખાઈજીએ પોતાનો મોટાભાગનો સમય અને શક્તિ પરોપકારી પ્રવૃત્તિઓ અને સામાજિક કાર્યમાં વિતાવી.

**સક્રિયતા :** ઓક્ટોબર ૧૮૯૬માં, બોમ્બે પ્રેસિડેન્સી પહેલા દુષ્કાળનો ભોગ બન્યું, અને તેના થોડા સમય પછી બ્યુબોનિક પ્લેગનો ભોગ બન્યું. કામા પીડિતોની સંભાળ રાખવા અને (પાછળથી) સ્વસ્થ લોકોને રસી આપવાના પ્રયાસમાં, ગ્રાન્ટ મેડિકલ કોલેજ (જે પાછળથી હાફકાઈનનું પ્લેગ રસી સંશોધન કેન્દ્ર બન્યું) માંથી કામ કરતી નર્સોની ઘણી ટીમોમાંની એકમાં જોડાઈ.


## રેસીપી : રવા(સુજી)ના અપ્પે

**સામગ્રી :** ૨ સર્વિંગ ૨૦૦ ગ્રામ રવો(સુજી), ૨૫૦ ગ્રામ દહીં,૧/૨ ચમચી મીઠું, ૧ મોટી ડુંગળી, બારીક સમારેલી,૪-૫ બારીક સમારેલી લીલા મરચાં, ૧/૨ ચમચી સરસવના દાણા,૪-૫ કઢી પત્તા,૪ ચમચી તેલ, ૧/૨ કપ ચોખાનો લોટ, ૨ ચમચી બારીક સમારેલી કોથમીરના પાન, ૨-૩ બારીક સમારેલા ટામેટાં, રસોઈ સૂચનાઓ ૨૦ મિનિટ

**રીત :** પહેલા, આપણે શાકભાજી કાપીશું, જેમ કે ટામેટાં, ડુંગળી, લીલા મરચાં અને ધાણાના પાન. હવે, એક બાઉલ લો અને સોજી, ચોખાનો લોટ અને દહીં ઉમેરો અને સારી રીતે મિક્સ કરો. દહીંમાંથી બધુ પાણી વાપરવાનો પ્રયાસ કરો. જરૂર પડે તો થોડું પાણી ઉમેરો. હું થોડું ઘટ્ટ બેટર બનાવીશ. હવે, સમારેલા શાકભાજી ઉમેરો, જરૂર મુજબ મીઠું ઉમેરો, અને સારી રીતે મિક્સ કરો. ઢાંકીને ૧ થી ૨ કલાક માટે રહેવા દો. સોજી પેનને તેલથી ગ્રીસ કરો અને થોડા સરસવના દાણા ઉમેરો અને તેને તળો. પછી, ચમચીની મદદથી, પેનના બધા છિદ્રોમાં બેટર રેડો. ઢાંકીને ધીમા તાપે ૪ થી ૫ મિનિટ સુધી રાંધો. બીજી બાજુ ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી પલટાવીને બેક કરો. આપણે આ રીતે બધી જ અપ્પે તૈયાર કરીશું અને પછી ગેસની આંચ બંધ કરીશું.તો, આપણું સ્વાદિષ્ટ, સ્વાદિષ્ટ અને સ્વસ્થ વેજ અપ્પે તૈયાર છે, જે ખૂબ જ ઝડપથી અને ખૂબ જ ઓછી સામગ્રી સાથે તૈયાર થાય છે.

# એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી ખાતે 'સંઘર્ષ' પુસ્તકનું ભવ્ય વિમોચન





## 'સંઘર્ષ' પુસ્તક યુવા પેઢીને જીવનના પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી સફળતા તરફ આગળ વધવાની પ્રેરણા આપશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૩**

એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી, વલસાડ ખાતે આજે તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે લેખક ડૉ. દીપેશ શાહ દ્વારા રચિત પ્રેરણાદાયી પુસ્તક 'સંઘર્ષ'નું પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ.હેમાલી દેસાઈ, વિશિષ્ટ અતિથિ તરીકે શ્રી રમેશભાઈ શાહ તથા અધ્યક્ષસ્થાને શ્રી હેમંતભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. એન.કે. દેસાઈ પરિવારની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. લેખક ડૉ. દીપેશ શાહ દ્વારા 'સંઘર્ષ' પુસ્તકનો પરિચય આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ મહેમાનોના હસ્તે 'સંઘર્ષ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તક જીવનમાં આવતાં પડકારો, સમસ્યાઓ અને સંઘર્ષોને પાર કરીને સફળતા તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. આ પ્રસંગે મહેમાનોએ પોતાના શુભેચ્છા સંદેશમાં પુસ્તકના સર્જન અને તેના પ્રેરણાત્મક અભિગમને બિરદાવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મહેમાનોને તેમની અમૂલ્ય ઉપસ્થિતિ અને સહયોગ બદલ સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. શિવાની આચાર્ય અને નિરવ સુરતી દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે ડૉ. શિવાની આચાર્ય દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ મહાનુભાવો, એન.કે.દેસાઈ પરિવાર, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત કોલેજના આસિસટન્ટ પ્રોફેસર ડો. શિવાની આચાર્યા દ્વારા તૈયાર કરવામાં આવેલ પુસ્તક-'માર્કેટીંગ ડાયનામિક્સ' કે જે કોલેજના કોમર્સના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરી પ્રકાશીત કરવામાં આવ્યું હતું. એ પુસ્તકનું મહેમાનો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમથી કોલેજ પરિસરમાં સાહિત્ય, શિક્ષણ અને સર્જનાત્મકતાનું સુંદર વાતાવરણ સર્જાયું 'સંઘર્ષ' પુસ્તક યુવા પેઢીને જીવનના પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી સફળતા તરફ આગળ વધવાની પ્રેરણા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# વાપી ચલા આરોગ્ય કેન્દ્રમાં શહેર ભાજપ દ્વારા મહિલા આરોગ્ય તપાસ શિબિર યોજાઈ

## સેવા પખવાડિયા અંતર્ગત સેવા કાર્યક્રમ સંપન્ન





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ગૌરવવંતા ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજરોજ વાપી શહેર ભાજપ દ્વારા ચલા સીએચસી ખાતે આરોગ્ય તપાસ શિબિર અને મહિલા આરોગ્ય તથા સ્વચ્છતા જાગૃતિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વાપી શહેર ભાજપ પ્રમુખ શ્રી મનીષભાઈ દેસાઈ, વાપી મહાનગરપાલિકા મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ, વાપી શહેર પ્રભારી શ્રી ભરતભાઈ જાધવ, ડાંગ જિલ્લા પ્રભારી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ મહામંત્રી શ્રી વિરાજભાઈ દક્ષિણી સહિત જિલ્લા અને શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અંતર્ગત પારડી ડીસીઓ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા તથા ચિત્ર પ્રદર્શન યોજાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૩**

ભારત દેશના લોકલાડીલા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીનો ૧૭મી સપ્ટેમ્બરના રોજ ૭૫માં જન્મદિવસ હોય સમગ્ર દેશમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર થી તારીખ ૧૭મી ઓક્ટોબર સુધીના એક મહિનાના સમયગાળા દરમિયાન વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે.

આ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પારડીની ૧૨૫ વર્ષથી વધુ જૂની ડીસીઓ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ ગજાનંનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વક્તૃત્વ સ્પર્ધા તથા ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકૃત્વ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની ઓ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭નું ભારત કોના હાથમાં હશે તથા વિકસિત ભારતનું સ્વપ્ન જોયું છે તો સાકાર કરીશું જેવા વિષયો પર તેમના મંતવ્યો સાંભળી ઉપસ્થિત મહાનુભવો મંત્રમુગ્ધ બની ગયા હતા તથા વિવિધ વિષયો પરના ચિત્ર પ્રદર્શન જોઈ અચરજ પામ્યા હતા. આ સ્પર્ધામાં પહેલા ત્રણ નંબરે આવેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ મેડલો આપી નવાજવામાં આવ્યા હતા.

આજના આ કાર્યક્રમના અધ્યક્ષ વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલે પોતાના વ્યક્તત્વમાં વિદ્યાર્થીઓને મોબાઈલ ન વાપરવા અને સોશિયલ મીડિયાથી દૂર રહેવા ખાસ સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેઓએ શિક્ષણનું ખૂબ મહત્વ હોય ખૂબ જ ભણવાની સાથે સાથે ભક્તિ પણ એટલી જ જરૂર હોય શિક્ષણ અને ભક્તિ બંને સાથે રાખવા જણવ્યું હતું. આ ઉપરાંત પોતાના તથા મમ્મી-પપ્પાના જન્મદિન નિમિત્તે વૃક્ષારોપણ કરવું સ્વચ્છતા જાળવવી ચક્ષુદાન સહિત વિવિધ અંગોનું દાન કરવાનું પણ તેઓએ સૂચવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં સર્જિકલ સ્ટ્રાઈક કે ઓપરેશન સિંદૂર જેવા દેશભક્તિના વિષયો ન હોય આ અંગે તેઓએ ટકોર પણ કરી હતી.



આજના આ પ્રસંગે વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, પારડી તાલુકા મંત્રી શ્રીમતી મિતલબેન પટેલ, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, મહામંત્રી શ્રી ઝુબિનભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા કોષાધ્યક્ષ તથા પારડીના પ્રભારી શ્રી રમેશભાઈ ભાનુશાલી, વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચા ઉપપ્રમુખ શ્રી ચાર્લીશભાઈ ભંડારી, પારડી શહેર યુવા મોરચા પ્રમુખ શ્રી મેહુલભાઈ ભરવાડ, મહામંત્રી શ્રી જેનીલભાઈ દેસાઈ, પારડી નગરપાલિકા કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, વોટર વર્કસ ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, વીજળી વિભાગ ચેરમેન શ્રીમતી ઉષાબેન યોગેશભાઈ પટેલ, પારડી નગરપાલિકા સદસ્ય શ્રીમતી ભૂમિબેન પારેખ, શ્રીમતી મેઘાબેન ભાવસાર , શ્રીમતી અનિતાબેન રાય, શ્રી લાલજીભાઈ યાદવ, સંગઠનના શ્રી મુન્નાભાઈ દેસાઈ, શ્રી રાહુલભાઈ ભરવાડ સહિત શિક્ષક ગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વાંસદા તાલુકાના રૂપવેલ ખાતે જવાહર નવોદય વિદ્યાલયમાં 'આદર્શ ગ્રામ સભા' યોજાઈ

## ગ્રામ વિકાસ અને લોકશાહી પ્રક્રિયાની સમજ માટે અનોખી પહેલઃ વિદ્યાર્થીઓએ વિવિધ ભૂમિકાઓ નિભાવી ગ્રામસભાનું જીવંત નિદર્શન કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૩**

પીએમશ્રી સ્કૂલ, જવાહર નવોદય વિદ્યાલય, રૂપવેલ ખાતે વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયતની કામગીરી, લોકશાહી પ્રક્રિયા અને નાગરિક જવાબદારીનો વ્યવહારૂ પરિચય મળે તે હેતુથી 'આદર્શ ગ્રામ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ જિલ્લા કલેક્ટર, તાલુકા વિકાસ અધિકારી (TDO), તલાટી-કમ-મંત્રી, સરપંચ તથા ગ્રામ પંચાયતના સભ્યો સહિતની વિવિધ જવાબદારીઓ સંભાળી ગ્રામસભાની કાર્યવાહીનું પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા ગામના વિકાસને લગતા પ્રશ્નો રજૂ કરી તેના પર ચર્ચા પણ કરવામાં આવી હતી. ગ્રામસભા દરમિયાન વિકાસ, સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા, પર્યાવરણ, સરકારી યોજનાઓ તેમજ ગ્રામજનોની સમસ્યાઓ જેવા વિવિધ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લઈ પ્રશ્નો રજૂ કર્યા તથા ચર્ચા દ્વારા ઉકેલ તરફ આગળ વધવાની પ્રક્રિયાને સમજવાનો પ્રયાસ કર્યો હતો.કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપરાંત રૂપવેલ ગામના સરપંચશ્રી મિતેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના સભ્યશ્રી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયતની કામગીરી, સામૂહિક નિર્ણય પ્રક્રિયા, લોકશાહી મૂલ્યો તથા નાગરિકોની જવાબદારી અંગે વ્યવહારૂ સમજ પ્રાપ્ત થઈ હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સેલવાસની નમો મેડિકલ...**

૨૩ એમબીબીએસ બેઠકોના આ વધારા સાથે, નમો ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ હવે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી એમબીબીએસ કોર્સમાં વધારાના ૨૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે. આ કેન્દ્રશાસિત પ્રદેશ અને દેશના અન્ય ભાગોમાંથી તબીબી શિક્ષણ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે તકોનો વિસ્તાર કરશે અને પ્રદેશના ભવિષ્ય માટે પ્રશિક્ષિત અને કુશળ તબીબી માનવ સંસાધનોના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે.

આ સિદ્ધિ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં તબીબી શિક્ષણ અને આરોગ્યસંભાળ ક્ષેત્રના સતત મજબૂતીકરણમાં વધુ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. વધુમાં, આ સિદ્ધિ ભારત સરકાર, કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ, નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી અને દાદરા નગર હવેલી અને દમણ - દીવમાં એક મજબૂત અને વધુ આત્મનિર્ભર તબીબી શિક્ષણ અને આરોગ્યસંભાળ ઈકોસિસ્ટમ બનાવવા માટેના તમામ સંબંધિત હિતધારકોના સામૂહિક પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**આરાધના પટનાયકે...**

શ્રીમતી આરાધના પટનાયક પ્રશાસકશ્રીના સલાહકાર શ્રી અંકુશ ગર્ગને પણ મળ્યા હતા અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવા, રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ ચલાવવામાં આવતા કાર્યક્રમો અને આરોગ્ય માળખાગત સુવિધાઓના વિકાસ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાત દરમિયાન, શ્રીમતી આરાધના પટનાયકે દમણના મરવડ સ્થિત નમો હોસ્પિટલનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે હોસ્પિટલની મુખ્ય પ્રવૃત્તિઓ અને આરોગ્યસંભાળ સેવાઓની વિગતવાર સમીક્ષા કરી હતી. નિરીક્ષણ દરમિયાન, તબીબી માળખાગત સુવિધાઓ, ડિજિટલ આરોગ્ય સેવાઓ, આભા કાર્ડ અને ઓનલાઈન ઓપીડી, બિન-ચેપી રોગ (એનસીડી) સ્ક્રીનીંગ, કેન્સર સ્ક્રીનીંગ, એનઆઈસીયુમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ, નવજાત શિશુ સંભાળ અને હોસ્પિટલની કાર્યકારી વ્યવસ્થા, જિલ્લા પ્રારંભિક હસ્તક્ષેપ કેન્દ્ર (ડીઈઆઈસી)ની પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણો (એનક્યુએએસ)નું પાલનની સમીક્ષા કરી હતી.

શ્રીમતી આરાધના પટનાયકે નમો હોસ્પિટલનું નિરીક્ષણ કર્યા પછી, જ્યુપ્રિમ આયુષ્માન આરોગ્ય મંદિરની પણ મુલાકાત લીધી હતી. આ દરમિયાન, તેમણે ત્યાં કાર્યરત કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO), ANM અને આશા વર્કરો સાથે વાતચીત કરી અને પ્રાથમિક આરોગ્ય સેવાઓ, માતા અને બાળ આરોગ્ય, બિન-ચેપી રોગોની તપાસ અને સમુદાય સ્તરે આરોગ્ય સેવાઓના અસરકારક અમલીકરણ અંગે ચર્ચા કરી હતી. ત્યાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ, પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ, ડિજિટલ આરોગ્ય સેવાઓ અને વિવિધ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોના અમલીકરણની સમીક્ષા કરી હતી. ત્યારબાદ શ્રીમતી આરાધના પટનાયકે એક સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં કેન્દ્રશાસિત પ્રદેશના આરોગ્ય સચિવ, સંયુક્ત આરોગ્ય સચિવ અને આરોગ્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ વિવિધ આરોગ્ય કાર્યક્રમોની પ્રગતિ, આરોગ્ય સેવાઓની ગુણવત્તા, ડિજિટલ આરોગ્ય પહેલ અને પ્રાથમિક અને ગૌણ આરોગ્ય સેવાઓની અસરકારકતામાં સુધારો કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

દમણ ખાતે નિરીક્ષણ કર્યા પછી, શ્રીમતી આરાધના પટનાયકે દાદરા નગર હવેલીમાં નરોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)નું નિરીક્ષણ કર્યું અને ત્યાં CHO, ANM અને આશા કાર્યકરો સાથે વાતચીત કરી ઉપલબ્ધ પ્રાથમિક આરોગ્ય સેવાઓ, માનવ સંસાધનો, આવશ્યક તબીબી સુવિધાઓ અને રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોના અમલીકરણની સમીક્ષા કરી હતી.

શ્રીમતી પટનાયકે તેમની મુલાકાતના અંતિમ તબક્કામાં, દાદરા નગર હવેલીમાં નમો મેડિકલ કોલેજ અને નમો હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમણે સંસ્થામાં તબીબી સુવિધાઓ, માળખાગત સુવિધાઓ, દર્દી સેવાઓ અને વિવિધ વિભાગોની કામગીરીનું બારિકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

આ વ્યાપક મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્રશાસિત પ્રદેશમાં આરોગ્ય સેવાઓની વર્તમાન પરિસ્થિતિનું સીધું મૂલ્યાંકન કરવાનો, આરોગ્ય માળખાગત સુવિધાઓ અને સેવાઓને વધુ મજબૂત બનાવવાનો, ડિજિટલ આરોગ્ય પહેલના અસરકારક અમલીકરણને પ્રોત્સાહન આપવાનો અને રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોની અસરકારક ડિલિવરી અને ગુણવત્તાની ખાત્રી કરવાનો હતો.

# ધરમપુરના ખાંડા ગામમાં ૧૧મા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ અને પોષણ માહની ઉજવણી કરાઈ

## ચોમાસામાં થતા રોગો અને તેના આયુર્વેદિક ઉપચાર વિશે લોકોને જાગૃત કરી ૩૮૬નું નિદાન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ધરમપુર તાલુકાના ખાંડા ગામમાં નિશાળ ફળિયા ખાતે આવેલી પ્રાથમિક શાળામાં ૧૧માં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ૯મા પોષણ માહની ઉજવણી ''સ્વસ્થ ભવિષ્ય માટે આયુર્વેદ'' થીમ પર કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ઉર્વીબેન પટેલ દ્વારા સૌને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસના મહત્વ, પોષણ અને આયુર્વેદ વિશે માહિતી આપવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે તાલુકા પંચાયત ધરમપુરના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન મણિલાલ ગાવીત, સુપરવાઈઝર આઈસીડીએસ અશ્વિનીબેન પટેલ તથા ગામના અગ્રણી આગેવાનો, સરપંચ જેસીંગભાઇ ચૌધરી, પ્રાથમિક શાળા ખાંડાના આચાર્યા હિરલબેન લાડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન શકુંતલાબેન અને મણીભાઈએ ગામ લોકોને ઠંડા પીણા, પડીકા વગેરે છોડીને પોષણયુક્ત આહારવિહાર અપનાવવા માટે પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં વૈદ્ય ડો. દિવ્યા સોલંકી દ્વારા ''સ્વસ્થ ભવિષ્ય માટે આયુર્વેદ'' વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં દિનચર્યા, ઋતુચર્યા, આહાર-વિહારના નિયમો, રોગ પ્રતિકારક શક્તિ કેવી રીતે વધારવી તે અંગે વિસ્તૃત સમજ આપી ગામના લોકોને ચોમાસામાં થતા રોગો અને તેના આયુર્વેદિક ઉપચાર વિશે જાગૃત કર્યા હતા. ડો.કેતન વ્યાસ દ્વારા પોષણ માહ અંતર્ગત કુપોષણ નિવારણ અને આહારમાં મિલેટ્સ (જાડા ધાન્ય)નું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ મેદસ્વીતા નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત સ્થૂળતાથી કઈ રીતે બચી શકાય તેના ઉપાયો સૂચવાયા હતા.

કેમ્પમાં આવેલા તમામ ૩૮૬ દર્દીઓનું વિનામૂલ્યે નિદાન કરવામાં આવ્યું હતું અને પેટના રોગો, શ્વાસની તકલીફ, શરદી-ઉધરસ, માનસિક રોગો, ડાયાબિટીસ, બી.પી., થાઈરોઇડ, ચામડીના રોગો, પથરી, સાંધાના દુઃખાવા, સ્ત્રી રોગો, બાળકોના રોગો માટે આયુર્વેદ અને હોમિયોપેથી દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ગંભીર રોગના દર્દીઓને નજીકના સરકારી આયુર્વેદ/હોમિયોપેથી દવાખાનામાં ફોલોઅપ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી તુલસી, અરડૂસી, સૂંઠ, લીમડો, ગળો જેવી ઔષધિઓમાંથી બનાવેલ હર્બલ ટી/ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું અને લાભાર્થીઓને તે બનાવવાની રીત પણ શીખવવામાં આવી હતી. આ સાથે મિલેટ્સ આધારિત વાનગી પ્રદર્શન, યોગ પ્રદર્શન, ઔષધી વનસ્પતિ પ્રદર્શન અને પુસ્તક પ્રદર્શન અને ચાર્ટ પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે શાળાના પટાંગણમાં ઔષધીય વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને બાળકોને તેના જતનની જવાબદારી સોંપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સિવિલ હોસ્પિટલના વૈદ્ય દિવ્યા સોલંકીએ કર્યું હતું. આભાર વિધિ વૈદ્ય સ્વાતિબેન પંચાલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાડાના મેડિકલ ઓફિસર વૈદ્ય ભાવિન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચીખલી ગ્રામ પંચાયતે લારી-ગલ્લાવાળાઓને આપી કડક ચિમકીઃ ૫ દિવસમાં દબાણો દૂર કરો નહીં તો ખર્ચ વસૂલાશે



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા. ૨૩**

ફેબ્રુઆરી-૨૬ માસમાં પણ નોટિસ ફટકાર્યા બાદ ગ્રામ પંચાયતના શાસકો પાણીમાં બેસી જઈ કોઈ કાર્યવાહી થઈ ન હતી. હવે સાત મહિના બાદ ફરી દબાણનું ભૂત ધુણતા અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

ચીખલીમાં હાલે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના લોકાર્પણ પહેલા માર્ગ મકાન દ્વારા મુખ્ય માર્ગો પરથી લારી ગલ્લાવાળાઓના દબાણ હટાવાયા હતા. આ દરમિયાન દબાણ ના મામલે ચીખલી ગ્રામ પંચાયતે જાગરૂક્તા દાખવી ૨૨/૯/૨૬ની તારીખથી જાહેર નોટીસમાં જણાવાયુ છે કે, ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં મકાન, દુકાન માલિકો, લારી ગલ્લાવાળાઓ, પાથરણાવાળાને ગામમાંથી પસાર થતા જાહેર માર્ગો ઉપર કરવામાં આવેલ હંગામી દબાણો દિન પાંચમાં સ્વૈચ્છિક રીતે દૂર કરવામાં નહીં આવશે તો ૨૯/૯/૨૬ના રોજથી ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી કરી થનાર ખર્ચની પણ વસૂલાત કરવાની ચીમકી આપવામાં આવી છે.

જોકે, ફેબ્રુઆરી-૨૬માં પણ ચીખલીમાં ગ્રામ પંચાયત દ્વારા નોટિસ ફટકારી દબાણ દૂર કરવાની કરવાની ચીમકી આપવામાં આવી હતી. પરતુ ત્યાર બાદ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી અને રાજકીય દખલગીરી બાદ ગ્રામ પંચાયત પાણીમાં બેસી ગઈ હતી. અને જેને પગલે દબાણની સ્થિતિ જૈસે થેની રહી હતી અને ગ્રામ પંચાયત ગાજ્યા મેઘ વરસ્યા નહીં તેવો ઘાટ સર્જાયો હતો. હવે સાત મહિના બાદ ફરી દબાણ દૂર કરવાનું ભૂત ધૂણ્યું છે. ત્યારે ફરી અગાઉની જેમ પુનરાવર્તન થશે કે હકીકતમાં દબાણ દૂર કરવામાં આવશે તે જોવું રહ્યું.

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષ જનસેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

# નાનાપોંઢા ચિરંજીવી હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે શરૂ કરાયેલા 'જનસેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આજ રોજ નાનાપોંઢા સ્થિત ચિરંજીવી હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવસેવાના આ ઉત્તમ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા ભાજપ સંગઠન, સ્થાનિક પંચાયતના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી વિપુલભાઈ ભોયા,નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ મનીષાબેન પટેલ,વલસાડ જિલ્લા પંચાયત સભ્ય તથા મહિલા, બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિ અધ્યક્ષા, શ્રીમતિ દક્ષાબેન ચૌધરી, નાનાપોંઢા તાલુકા ભાજપ પ્રમુખ શ્રી નિમેષભાઈ ગાંવિત,ચિરંજીવી હોસ્પિટલના મુખ્ય તબીબ ડૉ.દિવ્યેશભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત સભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ,પૂર્વ જિલ્લા કારોબારી ચેરમેન શ્રી ગુલાબભાઈ રાઉત,નાનાપોંઢા તાલુકા ભાજપ મહામંત્રી શ્રી મનોજભાઈ પટેલ તથા શ્રી મુકેશભાઈ પટેલ,નાનાપોંઢા તાલુકા ભાજપ ઉપપ્રમુખ શ્રી મંગુભાઈ ગાંવિત, નાનાપોંઢા તાલુકા પંચાયત દંડક શ્રી વિજયભાઈ પટેલ,અગ્રણી શ્રી હિતેશભાઈ પટેલ,નાનાપોંઢા તાલુકા ભાજપ મંત્રી શ્રીમતિ કલ્પનાબેન ખાંડવી, દૂધ ડેરી ચેરમેન શ્રીમતિ કલ્પનાબેન ભીંસરા

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ રક્તદાનનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના સેવા સંકલ્પને ચરિતાર્થ કરવાનો શ્રેષ્ઠ માર્ગ જનસેવા છે, અને રક્તદાનથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓનું જીવન બચાવી શકાય છે, કેમ્પમાં મોટી સંખ્યામાં તાલુકા પંચાયતના સભ્યો, વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ, સામાજિક આગેવાનો તથા ભારતીય જનતા પાર્ટીના સમર્પિત કાર્યકર્તાઓએ હાજર રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો અને સેવાકાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

### વાપી આર.કે.દેસાઈ કોલેજના વિદ્યાર્થીએ

# યુનિવર્સીટી સ્તરે બોક્સિંગમાં કાંસ્ય પદક મેળવ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત દ્વારા તા. ૧૮ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન સબરગામની અંબાબા કોમર્સ કોલેજ ખાતે આંતર કોલેજ બોક્સિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિવિધ કોલજોના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની રમત પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.

આ સ્પર્ધામાં આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વાપીના એસ.વાય.બીબીએના વિદ્યાર્થી સત્યમ રોહિતભાઈ જેનાએ શાનદાર પ્રદર્શન કરી ત્રીજો ક્રમ મેળવી કાંસ્ય પદક (Bronze Medal) હાંસલ કર્યું હતું. તેમની આ સિદ્ધિથી કોલેજ પરિવારનું ગૌરવ વધ્યું છે.

વિદ્યાર્થીને રમતગમત ક્ષેત્રે આગળ વધારવા તથા સ્પર્ધાત્મક સ્તરે તૈયાર કરવામાં કોલેજના ફિઝિકલ એજ્યુકેશનના અધ્યાપક ડૉ.પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન, તાલીમ અને પ્રોત્સાહનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. સત્યમ જેનાની સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. શીતલ ગાંધી તથા બીબીએ વિભાગના હેડ ડૉ. પ્રિન્સી ઠાકુર દ્વારા વિદ્યાર્થી તથા માર્ગદર્શક ડૉ. પ્રફુલભાઈ પટેલને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધાઓ માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

# વાપી મહારાષ્ટ્ર મિત્ર મંડળ દ્વારા આયોજિત સ્પર્ધામાં એલ.જી. હરિયા સ્કૂલના બાળકો ઝળક્યા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

મહારાષ્ટ્ર મિત્ર મંડળ દ્વારા આયોજિત ઇન્ટરસ્કૂલ રંગોલી અને ગ્રુપ સોંગ સ્પર્ધાનું આયોજન ૧૯મી અને ૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આયોજિત સ્પર્ધામાં ભાગ લીધો હતો. બંને કેટેગરીમાં જીત મેળવી શ્રી એલ.જી.હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલને ગૌરવ અપાવ્યું છે.

**શાળાના વિજેતા વિદ્યાર્થીઓ:-** ગ્રુપ સોંગ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ- ધોરણ ૭ના માસ્ટર પ્રણવ મિશ્રા, માસ્ટર રિષભ કુમાર યાદવ, ધોરણ ૮ ના માસ્ટર સાંઈ બાપુ સુરવડે, માસ્ટર રાજ ખીચડા, માસ્ટર યજુર્વેદ મિશ્રા,માસ્ટર ગમનસિંહ તથા કુમારી વૈભવી પટેલ. ધોરણ-૧૧ના માસ્ટર રૂદ્રદીપ આચાર્ય કુમારી ગૌરી શ્રીવાસ્તવ અને કુમારી વિદુષી મિશ્રા. રંગોળી સ્પર્ધામાં ધોરણ ૧૦ની ત્રિશા પ્રજાપતિએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ સફળતાથી ગર્વ અનુભવતા સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ.કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીજ્ઞી પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

### પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગણપતિ બાપાની અનોખી ભક્તિ

# પ્રસાદમાં નોટબુક-પેનનું વિતરણ, સામાજિક વિષયો પર જાગૃતિ પ્રદર્શન




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

ધરમપુર સ્થિત પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી ભક્તિ સાથે સામાજિક જાગૃતિના અનોખા સંદેશને જોડીને કરવામાં આવી રહી છે. આ આયોજનની વિશેષતા એ છે કે ગણપતિ બાપાની પૂજા-વિધિ એક મહિલા દ્વારા કરવામાં આવે છે, જેના માધ્યમથી મહિલા સશક્તિકરણ અને સમાનતાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો છે.

પર્યાવરણની જાળવણીના ઉદ્દેશથી નાની અને ઈકો-ફ્રેન્ડલી ગણપતિ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. પહેલ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને સામાજિક કાર્યકર ઋષિત મસરાણી દ્વારા બાપાના દર્શને આવતા વિદ્યાર્થીઓને પ્રસાદરૂપે નોટબુક અને પેન આપવામાં આવે છે, જેથી ભક્તિની સાથે શિક્ષણનો પ્રકાશ પણ ફેલાય. ''જ્ઞાનથી મોટો કોઈ પ્રસાદ નથી'' એવા સુંદર વિચાર સાથે શરૂ કરાયેલા આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં આશરે ૨,૦૦૦ વિદ્યાર્થીઓને નોટબુક અને પેનનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ સમગ્ર ગણેશ મહોત્સવનું આયોજન સમાજના છેવાડાના વંચિત બાળકો દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું છે. પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દર વર્ષે ગણેશ મહોત્સવ દરમિયાન સમાજને સ્વચ્છતા અને સામાજિક જવાબદારીનો સંદેશ આપે છે.

આ વર્ષે માસિક ધર્મ અને વ્યક્તિગત સ્વચ્છતા, બાળલગ્ન નિવારણ તથા મહિલાઓ અને કિશોરીઓને સ્પર્શતા વિવિધ સામાજિક વિષયો પર જાગૃતિ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. પ્રદર્શન દ્વારા મહિલાઓ, કિશોરીઓ અને મુલાકાતીઓને સ્વચ્છતા, આરોગ્ય અને બાળલગ્નના ગંભીર પરિણામો અંગે સરળ અને અસરકારક રીતે માહિતગાર કરવામાં આવ્યા હતા. આમ, પહેલ ચેરિટેબલ ટ્રસ્ટે ગણપતિ બાપાની ભક્તિને પર્યાવરણ સંરક્ષણ, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને સામાજિક જાગૃતિ સાથે જોડીને સમાજને પ્રેરણાદાયક સંદેશ આપ્યો છે.

### વાપી કરવડ કે.કે. હરિયા સ્કૂલમાં

# ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું: બાળ વૈજ્ઞાનિકોએ ૨૪ કૃતિ રજૂ કરી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

શ્રી કે કે હરિઆ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા કરવડમાં તારીખ ૨૨/૦૯/૨૦૨૬ મંગળવારના રોજ શાળાકીય ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ૨૪ જેટલા પ્રોજેક્ટ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

આજના આધુનિક યુગમાં પર્યાવરણની જાળવણી સજીવ ખેતી, સૌર ઊર્જાનું મહત્વ, એ.આઈ અને આવતીકાલનું ભવિષ્ય, મારા સપનાનું ભારત વિષય પર પ્રોજેક્ટર રજૂ કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવા એમની વ્યક્તિઓને વાચા આપવાનું કામ શાળા દ્વારા શિક્ષણની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને નાવીન્ય કાર્ય કરવાની તક મળે છે. શાળાના ગણિત વિજ્ઞાન વિષયના શિક્ષકો અને આચાર્યશ્રી દ્વારા એમને સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શાળાકીય પ્રદર્શનમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓ ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. હવે તેઓ એસ.વી.એસ. કક્ષાના વિજ્ઞાન પ્રવાહ ભાગ લેશે શાળા દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# વાપી આર.કે.દેસાઈ બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓએ વિશિષ્ટ શૈક્ષણિક તાલીમ લીધી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

આર.કે. દેસાઈ કોલેજ ઑફ એજ્યુકેશન, વાપીના બી.એડ.અભ્યાસક્રમના કોર્સ-૩૦૨ વિશિષ્ટ બાળકો અંતર્ગત તાલીમાર્થીઓ માટે વિશિષ્ટ બાળકોના શિક્ષણ, તેમની જરૂરિયાતો તથા વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિને પ્રત્યક્ષ રીતે સમજવાના હેતુથી મમતા મંદિર શાળાની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું

આ મુલાકાતનું સંપૂર્ણ આયોજન ડૉ.સારિકા પટેલ, ડૉ. રાહુલ ટંડેલ, ડૉ. વિમુખ પટેલ અને ડૉ. અક્ષય ટંડેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, મુલાકાત દરમિયાન મમતા મંદિર શાળાના પ્રિન્સિપાલશ્રીએ સંસ્થાની સ્થાપના, તેના ઉદ્દેશો, વિકાસયાત્રા તથા વિશિષ્ટ બાળકો માટે કરવામાં આવતી વિવિધ સેવાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

ત્યારબાદ શાળાના સ્ટાફ દ્વારા બી.એડ.ના તાલીમાર્થીઓને સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત કરાવવામાં આવી હતી. તાલીમાર્થીઓને વિશિષ્ટ બાળકો માટે અપનાવવામાં આવતી વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિઓ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સહાયક સેવાઓ તથા વ્યવસાયલક્ષી તાલીમ અંગે પ્રત્યક્ષ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ બાળકો સાથે સંવાદ કરી તેમની શૈક્ષણિક અને વ્યવહારૂ જરૂરિયાતોને નજીકથી સમજવાનો અનુભવ મેળવ્યો હતો.

મુલાકાત દરમિયાન તાલીમાર્થીઓને એ પણ સમજવા મળ્યું કે વિશિષ્ટ બાળકોના સર્વાંગી વિકાસ માટે માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું નથી, પરંતુ પ્રેમ, સ્વીકાર, ધીરજ, વ્યક્તિગત ધ્યાન, કૌશલ્ય વિકાસ અને વ્યવસાયલક્ષી તાલીમ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. મુલાકાતના અંતે મમતા મંદિર શાળાને કોલેજ તરફથી સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર મુલાકાત તાલીમાર્થીઓ માટે જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને અનુભવ આધારિત રહી હતી. આ મુલાકાત દ્વારા તાલીમાર્થીઓમાં વિશિષ્ટ બાળકો પ્રત્યે સંવેદનશીલતા, સ્વીકારભાવ અને જવાબદાર શિક્ષક તરીકેની સમજ વધુ સુદૃઢ બની હતી.

આ સમગ્ર શૈક્ષણિક મુલાકાત બી.એડ. તાલીમાર્થીઓ માટે વર્ગખંડના સૈદ્ધાંતિક જ્ઞાનને પ્રત્યક્ષ અનુભવ સાથે જોડતી એક મહત્વપૂર્ણ શૈક્ષણિક સફર બની રહી હતી. આમ શૈક્ષણિક સંસ્થાનું મુલાકાત કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ તથા આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન વાપીના આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણ તેમજ બી.એડ વિભાગના હેડ ડૉ.ગુંજન વશીએ અભિનંદન પાઠવ્યા હતા.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# ...તો હવે શિક્ષકો પરીક્ષામાં ગેરરીતિની સામે આંખ આડા કાન કરે એવી ભીતિ


**પરીક્ષામાં ગેરરીતિઓ રોકવી એ શિક્ષકનું કામ હોય છે, પરંતુ વિદ્યાર્થીએ અત્મહત્યા કરી લીધા બાદ આઈઆઈટી બોમ્બેના આખાં કેમ્પસમાં ભારે સ્ફોટક વાતાવરણ સર્જાતા દેશનાં ઉચ્ચશિક્ષણ માળખાં સામે ઉઠેલા ચિંતાજનક સવાલ**

દેશની શિક્ષણ વ્યવસ્થાને લાગેલા વિવાદના ગ્રહણનો કોઈ અંત જણાતો નથી. સીજેપીના આંદોલનની અસરો હજી વર્તાઈ રહી છે, તેવામાં આઈઆઈટી બોમ્બેને સાંકળતા એક ગંભીર બનાવે દેશનાં ઉચ્ચશિક્ષણ માળખાં સામે ચિંતાજનક સવાલ ખડા કર્યા છે. પરીક્ષા દરમ્યાન એક વિદ્યાર્થીને મોબાઈલ ફોનના ઉપયોગ બદલ પકડવામાં આવતાં તેણે આત્મહત્યા કરી લીધી હોવાના ઘટનાક્રમે વિરોધ અને પ્રતિવિરોધનો કડવાશભર્યો માહોલ ખડો કરી દીધો છે. આમ તો કોઈ પણ પરીક્ષામાં ગેરરીતિ ચલાવી લઈ શકાય નહીં. આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં આવા બનાવને કોઈ શિક્ષક રોકે તેમાં કોઈને વાંધો હોઈ શકે નહીં. સાથોસાથ વિદ્યાર્થીએ મોબાઈલ વડે પરીક્ષાના સવાલોના જવાબ મેળવવાની જે ચેષ્ટા કરી તે અંગે સંસ્થાને જાહેર કરેલા નિવેદન મુજબ વિદ્યાર્થીની સામે તાત્કાલિક કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. શિક્ષક અને વિભાગીય વડાએ વિદ્યાર્થી સાથે વાત પણ કરી હતી અને તેને હૈયાધારણ અપાઈ હતી કે, આ બનાવથી તેની કારકિર્દી પર કોઈ અવળી અસર પડશે નહીં, તેમ છતાં વિદ્યાર્થીએ આત્મહત્યાનો માર્ગ લેતા સ્વભાવિક રીતે જ ભારે ચકચાર જાગી છે. ઘટના એવી છે કે, **વિદ્યાર્થી પરીક્ષામાં મોબાઈલ ફોન ઉપર ચેટજીપીટીની મદદ લઈ રહ્યો હતો, ત્યારે પ્રોફેસરે તેને પકડ્યો અને પરીક્ષા ખંડમાંથી બહાર જવા જણાવ્યું. વિદ્યાર્થીએ હોસ્ટેલમાં જઈને આપઘાત કર્યો.** પોલીસ તપાસ શરૂ થયા પછી આઈઆઈટીએ પરીક્ષામાં 'ચોરી' કરવામાં આવી હોવાનું નિવેદન પાછું ખેંચી લીધું, જેથી પોલીસ તપાસમાં તેની અસર પડે નહીં. આ સાથે જ સંબંધિત પ્રોફેસરને કામચલાઉ 'ફરજમુક્ત' કરવામાં આવ્યા છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સામસામે આવ્યા છે અને શાંતિપૂર્વક દેખાવો કર્યા છે, પણ કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી રિપબ્લિકન પાર્ટી તથા ડાબેરી વિદ્યાર્થી સંઘ પણ જોડાયા છે. જો કે, સમયસર પોલીસની હાજરી અને બંને પક્ષે સદ્ભાગ્યે જાળવેલા સંયમના પરિણામે જંતરમંતરનું પુનરાવર્તન થયું નથી. આમ તો પરીક્ષામાં ગેરરીતિઓ રોકવી એ શિક્ષકનું કામ હોય છે, પણ વિદ્યાર્થીએ અત્મહત્યા કરી લીધા બાદ આઈઆઈટી બોમ્બેના આખાં કેમ્પસમાં ભારે સ્ફોટક વાતાવરણ સર્જાયું હતું. સીજેપીના આંદોલનથી જાણે પ્રેરણા લેતા હોય તેમ વિદ્યાર્થીઓએ આત્મહત્યાના મામલાને ઉછાળીને આઈઆઈટી જેવી સંસ્થાને સંબંધિત શિક્ષક સામે પગલાં લેવાની ફરજ પાડી છે. જે રીતે વિદ્યાર્થીઓએ કેમ્પસમાં અન્ય પરીક્ષાઓને બળજબરીથી રોકાવીને દબાણ સર્જ્યું તે હકીકત પણ ચિંતાજનક છે. આ બનાવ બાદ વિદ્યાર્થીના વાલીએ શિક્ષકે અપમાનજનક વહેવાર કર્યો હોવાના, જાતિલક્ષી ટિપ્પણી કર્યાના, બિનજરૂરી દબાણ ઊભું કર્યાના અને નિયમોને કોરણે મૂકીને વ્યવહાર કરાયો હોવા સહિતના જે આરોપો મુક્યા છે તેનાથી વાતાવરણ વધુ ડહોળાયું છે. આ આરોપોની તપાસ થવી જોઈએ એમાં કોઈ શંકા હોવી જોઈએ નહીં, પણ આ બનાવે પરીક્ષામાં ગેરરીતિની સામે પગલાં લેવાના જોખમો છતા કર્યા છે. આગળ જતા વિદ્યાર્થીઓ આવી કોઈ પણ કાર્યવાહી થાય નહીં એવો આગ્રહ રાખી શકે છે. આઈઆઈટીના વરિષ્ઠ શિક્ષકે ક્ષુબ્ધ બનીને રાજીનામું આપી દીધું છે અને તેમની સામે ફોજદારી ગુનો પણ નોંધાયો છે. આઈઆઈટી બોમ્બેના પ્રાધ્યાપકો તેમના સાથીની પડખે મેદાનમાં ઊતર્યા છે. ખરેખર તો આઈઆઈટી બોમ્બે સહિતની દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના કાઉન્સેલિંગ અને વેલનેસની વ્યવસ્થા અસ્તિત્વમાં છે. આવામાં હવે સંસ્થાઓએ આ વ્યવસ્થા વધુ સક્રિય રીતે વિદ્યાર્થીઓને માનસિક રીતે વધુ સજ્જ કરવા પર ધ્યાન આપે તે જરૂરી બની રહ્યું છે. આ બનાવથી હવે શિક્ષકો પરીક્ષામાં ગેરરીતિની સામે આંખ આડા કાન કરે એવી ભીતિ પણ વ્યક્ત થવા લાગી છે. આવી સ્થિતિને ઊગતી રોકવાની તાતી જરૂરત છે. પોલીસ તપાસનો અહેવાલ આવે તે પછી પણ આઈઆઈટી દ્વારા વિદ્યાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ કરવું જોઈએ.

# શિવનો અર્થ છે કલ્યાણ, તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો, તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય







પ્રત્યેક શિવાલયમાં નંદી, કાચબો, ગણેશ, હનુમાન, જલધારા, નાગ.. જેવા રહસ્યમય પ્રતિક જોવા મળે છે. દેવી દેવતાઓની આકૃતિઓમાં તેમના આસન, વાહન, પ્રતિકમાં સુક્ષ્મભાવ તથા ગૂઢ જ્ઞાનગમ્ય સાંકેતિક સૂત્ર સમાયેલ હોય છે. શિવાલયની ચર્ચા કરવામાં આવે તો પ્રત્યેક શિવ મંદિરમાં નંદીનાં પ્રથમ દર્શન થાય છે. નંદીએ મહાદેવનું વાહન છે તે સામાન્ય બળદ નથી. નંદીએ બ્રહ્મચર્યનું પ્રતિક છે. જેમ શિવનું વાહન નંદી છે તેમ અમારા આત્માનું વાહન શરીર(કાયા) છે એટલે શિવને આત્માનું અને નંદીને શરીરનું પ્રતિક સમજી શકાય. જેમ નંદીની દ્રષ્ટિ સદા શિવની તરફ જ હોય છે તેવી જ રીતે અમારૂં શરીર આત્માભિમુખ બને શરીરનું લક્ષ્ય આત્મા બને એવો સંકેત સમજવો જોઈએ.

શિવનો અર્થ છે કલ્યાણ. તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો, તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય. પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે અને તેના માટે સર્વ પ્રથમ આત્માના વાહન શરીરને ઉપયુક્ત બનાવવું પડશે. શરીર નંદીની જેમ આત્માભિમુખ બને, શિવભાવથી ઓતપ્રોત બને તેના માટે તપ અને બ્રહ્મચર્યની સાધના કરીએ. સ્થિર તથા દ્રઢ રહીએ એ જ મહત્ત્વપૂર્ણ શીખ આપણને નંદીના માધ્યમથી આપવામાં આવી છે.

નંદિ પછી શિવ તરફ આગળ વધતાં કાચબો આવે છે. જેમ નંદીએ અમારા સ્થૂળ શરીરનો પ્રેરક માર્ગદર્શક છે તેમ કાચબો એ અમારા સુક્ષ્મ શરીરનું એટલે કે મનનું માર્ગદર્શન કરે છે. અમારૂં મન કાચબા જેવું કવચધારી, સુદ્રઢ બનવું જોઈએ. જેમ કાચબો શિવની તરફ ગતિશીલ છે તેવી જ રીતે અમારૂં મન પણ શિવમય બને, કલ્યાણનું ચિન્તન કરે, આત્માના શ્રેય હેતું પ્રયત્નશીલ રહે તથા સંયમી અને સ્થિતપ્રજ્ઞ રહે એટલે કે મનની ગતિ, વિચારોનો પ્રવાહ, ઈન્દ્રિયોનાં કામો શિવભાવયુક્ત આત્માના કલ્યાણ માટે જ થાય આ વાત સમજાવવા માટે કાચબાને શિવની તરફ ગતિ કરતો બતાવ્યો છે. કાચબો ક્યારેય નંદીની તરફ જતો નથી પરંતુ શિવ તરફ જ જાય છે. અમારૂં મન પણ દેહાભિમુખ નહીં પરંતુ આત્માભિમુખ બનેલું રહે, ભૌતિક નહીં પરંતુ આધ્યાત્મિક જ બનેલું રહે, શિવત્વનું જ ચિંતન કરે તે જોવું જોઈએ.

નંદી અને કાચબો બંન્ને જ્યારે શિવની તરફ આગળ વધી રહ્યા છે ત્યારે બંન્નેમાં શિવરૂપ આત્માને પામવાની યોગ્યતા છે કે નહી..? તેની કસોટી કરવા માટે શિવ મંદિરમાં મુખ્ય દ્વારા ઉપર બે દ્વારપાળ ઉભા છે: ગણેશ અને હનુમાન. ગણેશ અને હનુમાનના દિવ્ય આદર્શ જોઆપણા જીવનમાં આવી જાય તો શિવનો એટલે કે કલ્યાણમય આત્માનો સાક્ષાત્કાર થઈ શકે છે.

ગણેશનો આદર્શ છે બુધ્ધિ અને સમૃધ્ધિનો સદ્ઉપયોગ કરવો એ જ એમનો સિધ્ધાંત છે તેના માટેના આવશ્યક ગુણ ગણેશના હાથોમાં સ્થિત પ્રતિકો દ્વારા બતાવવામાં આવ્યા છે જેમકે અંકુશ સંયમઆત્મ નિયંત્રણનું, કમળ એ પવિત્રતા, નિર્લેપતાનું, પુસ્તક એ ઉચ્ચ ઉદાર વિચારધારાનું તથા મોદક(લાડું) એ મધુર સ્વભાવનું પ્રતિક છે. શિવ મૂષક જેવા તુચ્છને પણ અપનાવે છે. આવા ગુણ આવવાથી જ આત્મદર્શન શિવદર્શનની પાત્રતા પ્રમાણિત થાય છે.

હનુમાનજીનો આદર્શ છે વિશ્વના હિત માટે તત્પરતાયુક્ત સેવા અને સંયમ. બ્રહ્મચર્યમય જીવન જ તેમનો મૂળ સિધ્ધાંત છે અને આ કારણે જ હનુમાનજી હંમેશાં શ્રી રામજીના કાર્યોમાં સહયોગી રહ્યા છે. અર્જુનના રથ ઉપર વિરાજીત રહ્યા છે અને આવી તત્પરતા દાખવવાથી જ વિશ્વ કલ્યાણમય શિવત્વ કે આત્મદર્શનની પાત્રતા પ્રાપ્ત થાય છે. ગણેશ હનુમાનજીની પરીક્ષામાં પાસ થયા પછી સાધકને શિવરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે પરંતુ આટલો મહાન વિજય જેને પ્રાપ્ત થાય છે તેનામાં



**શિવાલયમાં સ્થિત પ્રતિકોનું આધ્યાત્મિક રહસ્ય**
આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

અહંકાર આવવાની સંભાવના રહે છે કે હું મોટો છું, શ્રેષ્ઠ છું આવો અહંકાર ડગલેને પગલે આત્મા-પરમાત્માના મિલનમાં બાધક બની જાય છે. આ વાતની યાદ અપાવવા માટે શિવાલયના મંદિરનું પ્રવેશદ્વારનું પગથિયું ઊંચુ રાખવામાં આવે છે અને પ્રવેશદ્વાર પણ નાનું રાખવામાં આવે છે એટલે પ્રવેશદ્વારને પસાર કરીને નિજ મંદિરમાંના ઊંચા સોપાન પર પગ મુકવાના સમયે તથા અંતિમ શિવદ્વારમાં પ્રવેશ કરતી વખતે અત્યંત વિનમ્રતા અને સાવધાની રાખવી પડતી હોય છે. મસ્તક પણ નમાવવું પડે છે. સાધકનો અહંકારરૂપી અંધકાર જ્યારે દૂર થાય છે ત્યારે અંદર બહાર સર્વત્ર શિવત્વ(પરમાત્મા)ના દર્શન થવા લાગે છે, તમામ મંગલમય લાગવા માંડે છે પછી થયેલ આત્મજ્ઞાનના જેવું પવિત્ર અને પ્રકાશમય બીજું શું હોઈ શકે..? શિવાલયની અંદર જ્યારે પ્રવેશ કરવામાં આવે છે ત્યારે કર્મમય સ્થૂળ જગત તથા વિચારમય સૂક્ષ્મ જગત બહાર જ છૂટી જાય છે ત્યાર પછી પોતાનામાં કારણ જગતની આત્મ સ્વરૂપની પ્રતિતિ થાય છે તે અવર્ણનીય છે. શિવત્વભાવમાં ઓતપ્રોત કરી દેનારી હોય છે.

શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે. અહીં વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે. હિમાલય જેવું શાંત.. મહાન.. સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી તપસ્વી અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે. ભસ્મ ચિત્તા ભસ્મલેપ, આત્માનંદ નિજાનંદની આનંદાનુભૂતિનું પ્રતિક છે. કાળો નાગ કાલાતિત ચિર સમાધિભાવનું પ્રતિક છે.

ત્રિદલ બિલિપત્ર ત્રણ નેત્ર ત્રિપુંડ ત્રિશૂલ..વગેરે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણને સમ કરવાનો સંકેત આપે છે. ત્રિકાય ત્રિલોક ત્રિગુણથી પર થવાનો નિર્દેશ કરે છે. આંતરિક ભાવાવેશોને શાંત કરવા માટે સાધક ભ્રુકુટીમાં ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સ્થાનમાં ત્રિકુટી સહસ્ત્રચક્ર સહસ્ત્રદળ કમળ અમૃતકુંભ બ્રહ્મ કલશ આજ્ઞા ચક્ર શિવ પાર્વતી યોગ જેવા વર્ણનો દ્વારા સિધ્ધ સામર્થ્યની પ્રાપ્તિની ક્ષમતા હોવાની ચર્ચા યોગશાસ્ત્રોમાં કહેવામાં આવી છે. વિવેક બુધ્ધિરૂપી ત્રીજું નેત્ર ભવિષ્ય દર્શન અતિન્દ્રિય શક્તિ તથા કામદહન જેવી ક્ષમતાઓનું કેન્દ્ર માનવામાં આવે છે. શિવનું રૂદ્રરૂપ એ અંદરના આવેશો આવેગો જ છે તેને શમ કરવું એ જ ભગવાન શંકરનું કામ છે. ત્રિદેવ એટલે બ્રહ્મા વિષ્ણુ મહેશને પણ આ તમામ ત્રિપરીણામ ત્રયીયુક્ત પ્રતિકોથી બતાવ્યા છે. અ-ઉ-મ આ ત્રણ અક્ષરોથી સમન્વિત એકાક્ષર 'ૐ'માં પણ આ ભાવ સમાયોજિત છે.



વિશ્વના હિતના માટે હળાહળ ઝેરને પી લેવું તથા વિશ્વના તમામ કોલાહલથી પર રહીને મૃદંગ શંખ ઘંટ ડમરૂના નિનાદમાં મગ્ન રહેવું એટલે કે આત્મસ્થ રહેવું. બ્રહ્મમાં રત રહેવું એ જ વિશ્વ સંદેશ તેમના નાના પ્રતિકોના માધ્યમથી બતાવવામાં આવ્યા છે. શિવ પર અવિરત ટપકનારી જલધારા જટામાં સ્થિત ગંગાનું પ્રતિક છે તે જ્ઞાન ગંગા છે. સ્વર્ગની ઋતુમ્ભરા પ્રજ્ઞા દિવ્ય બુદ્ધિ ગાયત્રી અથવા ત્રિકાળ સંન્ધ્યા જેની બ્રહ્મા વિષ્ણુ મહેશ ઉપાસના કરે છે.

શિવલિંગ જો શિવમય આત્મા છે તો તેમની છાયાની જેમ અવસ્થિત માતા પાર્વતિ એ આત્માની શક્તિ છે. આમાં સંકેત એ છે કે એવા કલ્યાણમય.. શિવમય આત્માની આત્મશક્તિ પણ છાયાની જેમ શિવનું અનુસરણ કરે છે. પ્રેરણા સહયોગિની છે.

શિવાલયની જલધારા ઉત્તર દિશા તરફ વહે છે. ઉત્તરમાં સ્થિત ધ્રુવનો તારો ઉચ્ચ સ્થિર લક્ષ્યનું પ્રતિક છે. શિવમય કલ્યાણકામી આત્માનો જ્ઞાનપ્રવાહ.. ચિન્તન પ્રવાહ હંમેશાં ઉચ્ચ સ્થિર લક્ષ્યની તરફ જ ગતિ કરે છે તેનું લક્ષ્ય ધ્રુવની જેમ અવિચલ રહે છે. કેટલાક પુરાતન શિવ મંદિરોમાં ઉત્તર દિશામાંની દિવાલમાં ગંગાજીની પ્રતિમા જોવા મળે છે તેને સ્વર્ગીય દિવ્ય બુધ્ધિ, ઋતુમ્ભરા પ્રજ્ઞા કે ગાયત્રી જ સમજવાં જોઈએ. જે બ્રહ્માંડમાંની અવિરત ચેતના છે. શિવ ઉપર અવિરત ટપકતી જલધારાની જેમ સાધક પર પણ બ્રહ્માંડીય ચેતનાની અમૃતધારા.. પ્રભુકૃપા અવિરત વરસતી રહે છે એવો વિશ્વાસ કરવો જોઈએ.


આમ શિવાલય સ્થિત આ પ્રતિકો ચિન્હોના આધ્યાત્મિક રહસ્યનું ચિન્તન કરીને ભાવનાથી ઓતપ્રોત બનેલ વ્યક્તિને શિવમય બનાવી શકાય તો તેમાં અમારાં દર્શન પૂજન ઉપાસના વગેરેની યથાર્થ સાર્થકતા છે.


# ભારત દેશમાં લોકમાન્યતા અને શાસ્ત્રોને આધારે ગાયની મુખ્ય ચાર ઓળખ છે

## (૧) કામધેનુ (૨) કપિલા (૩) સુરભિ (૪) કવલી

**(૧) કામધેનુઃ** કામ અટલે ઈચ્છા અને ધેનુ એટલે ગાય જે તમામ ઈચ્છા પૂર્ણ કરનારી હોય તેવી ગાયને કામધેનુ ગાય કહેવામાં આવે છે. કામધેનુ એટલે મનવાછિત ફળ આપનારી ઉત્તમ ગુણસંપન ગાય.

પુરાણ કથા પ્રમાણે ૧૪ રત્નો નિકળ્યા તેમાનું એક રત્ન એટલે કામધેનુ ગાય.






**(૨) કપિલાઃ** મુખ્ય બે પ્રકારની કપિલા ગાય છે. ૧. સુવર્ણ કપિલા ૨. શ્યામ કપિલા જે ગાયનો રંગ સોના જેવો ચમકતો સોનેરી હોય તે ગાયને સુવર્ણ કપિલા કહેવામાં આવે છે. ગીર ગાયમાં સુવર્ણ કપિલાનું સોનેરી મોઢું, સોનેરી આંખો, પીંગળુ પૂંછડું અને આરસ જેવા શીંગ અને ખરી હોય છે.





**(૪) કવલીઃ** જે ગાય વાછરુંને જન્મ આપ્યા વગર જ સીધું દૂધ આપવાનું શરુ કરી દે છે તેવી ગાયને કવલી ગાય કહે છે. હજારો ગાયોમાં આવો એકાદ કિસ્સો જન્મે છે. કવલી ગાય વર્ષો સુધી એમજ દૂધ આપતી હોય છે. કવલી ગાય આજીવન ગરમીમાં આવતી નથી, ગાભણ થતી નથી કે બચ્ચાને જન્મ આપતી નથી.

**(૩) સુરભિઃ** સુર એટલે દેવ, જેમા દૈવી ગુણો છે તે સુરભિ ગાય. સામાન્ય રીતે કવલી, કપિલા અને કામધેનુ સિવાયની સારી ગાયો સુરભિ ગણાય છે.

# ટૂથપેસ્ટથી લઈ સાબુ, શેમ્પૂ સહિતની વસ્તુઓ વેજ છે કે નોનવેજ, જાણવું થશે સરળ: સરકારે બદલ્યા પેકેજિંગના નિયમો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**

માર્કેટમાંથી ખાવા પીવાની કોઈ પણ વસ્તુની ખરીદી કરતી વખતે ગ્રાહકો તેના પર લાલ અને લીલા રંગનું નિશાન જોતા હોય છે. આ નિશાની દર્શાવે છે કે તે વસ્તુ વેજ છે કે નોનવેજ. હવે આ નિયમમાં ફેરફાર કરવામાં આવ્યા છે અને ફક્ત ખાવા પીવાની વસ્તુ પર જ નહીં ટૂથપેસ્ટ, સાબુ સહિતની વસ્તુઓ પર પણ વેજ-નોન વેજનું નિશાન કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. વિવિધ પ્રોડક્ટને ધ્યાનમાં રાખીને સરકારે એક મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. સરકારે પ્રોડક્ટ પેકેજીંગના લેબલિંગ સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યા છે. આ ફેરફાર ૨૧ સપ્ટેમ્બર અને સોમવારથી લાગુ પણ થઈ ગયા છે. નવા ફેરફાર અંતર્ગત દરેક પ્રકારના પ્રોડક્ટ પર ગ્રીન ડોટ અને રેડ અથવા બ્રાઉન ડોટ લગાડવું ફરજિયાત હશે. આ નિશાન ક્યાં રાખવું તે અંગે પણ સ્પષ્ટતા કરી દેવામાં આવી છે જેથી ગ્રાહકોને જાણકારી સરળતાથી મળી રહે.

કેન્દ્રીય મંત્રાલય દ્વારા લીગલ મેટ્રોલોજી રૂલ્સ ૨૦૨૧માં સંશોધન કરવામાં આવ્યું છે. આ નવા નિયમ અનુસાર વસ્તુ વેજ છે કે નોનવેજ તે દર્શાવતું લીલું અને લાલ નિશાન પેકેટની મુખ્ય ડિસ્પ્લે પેનલની ઉપર જ લગાડવામાં આવશે. લાલ અને લીલા રંગનું વેજ નોનવેજ દર્શાવતું નિશાન પેકેટની ઉપર લગાડવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ગ્રાહક ખરીદી કરતી વખતે સરળતાથી જાણી શકે કે વસ્તુ વેજ છે કે નોનવેજ. આ નિયમ રોજના વપરાશની દરેક વસ્તુ પર લાગુ થશે. જેમ કે સાબુ, શેમ્પૂ, ટૂથપેસ્ટ ઉપરાંત કોસ્મેટિક્સ વસ્તુ અને ટોયલેટરી આઈટમ્સ પર પણ વેજ અને નોનવેજનું નિશાન લગાડવું ફરજીયાત હશે. જેથી ગ્રાહકો વસ્તુની ખરીદી કરતી વખતે સરળતાથી જાણી શકે કે તે ખરીદે છે તે વસ્તુ કેવી છે?

**નવા ફેરફાર અંતર્ગત દરેક પ્રકારના પ્રોડક્ટ પર ગ્રીન ડોટ અને રેડ અથવા બ્રાઉન ડોટ લગાડવું ફરજિયાત રહેશે**

**નિયમમાં ફેરફાર શા માટે કરાયો ?**

સરકાર તરફથી પેકેજીંગના નિયમોમાં કરેલા ફેરફારનું મુખ્ય કારણ એ છે કે પેકેજીંગ પર ઉત્પાદન સંબંધિત મહત્વપૂર્ણ જાણકારી વધારે સ્પષ્ટતા સાથે લખવામાં આવે અને તે વસ્તુ જાણવામાં ગ્રાહકોને સરળતા રહે. પેકેટની ઉપર જ વેજ અને નોનવેજનું નિશાન હોવાથી ગ્રાહકો સરળતાથી વસ્તુ વિશે જાણકારી મેળવી શકશે. આ સિવાય કોસ્મેટિક્સ અને પર્સનલ કેર ઉત્પાદનો પર પણ આ જાણકારી આપવી ફરજીયાત હશે જેથી લોકો તેમને કઈ વસ્તુનો ઉપયોગ કરવો છે તે સરળતાથી નક્કી કરી શકે.

નવા નિયમો ૨૧ સપ્ટેમ્બર થી જ લાગુ કરી દેવામાં આવ્યા છે જેના કારણે સંબંધિત ઉત્પાદનોના નિર્માતા અને વિક્રેતાઓએ લેબલિંગ ના નિયમનું પાલન કરવું અનિવાર્ય રહેશે. એટલે કે બજારમાં જે પણ વસ્તુ વેચાણ માટે આવશે તેના પર શાકાહારી કે માંસાહારી વસ્તુની ઓળખ કરતું લીલા રંગનું નિશાન અથવા તો લાલ રંગનું નિશાન હોવું ફરજિયાત છે.

મહત્વપૂર્ણ છે કે આ નોટિફિકેશનમાં ખાસ કરીને સાબુ, શેમ્પૂ, ટૂથપેસ્ટ, કોસ્મેટિક વસ્તુઓ અને ટોયલેટરીઝને સામેલ કરવામાં આવ્યા છે. સરકારના આ નિર્ણય પછી કંપનીએ પોતાના પ્રોડક્ટના પેકેજીંગમાં ફેરફાર કરવો પડશે. નવું પેકેજીંગ આવશે તેમાં ગ્રાહકોને સરળતાથી ખબર પડી જશે કે તે જે વસ્તુ ખરીદે છે તે વેજ છે કે નોનવેજ. આ નિયમથી શરૂઆતમાં કંપનીઓને થોડી સમસ્યા થઈ શકે છે પરંતુ લાંબા સમયે તેમને પણ આ નિયમનો ફાયદો જોવા મળશે તેવું નિષ્ણાતોનું માનવું છે.

કલર કોડેડ સિમ્બલ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે રાખવાનો નિયમ એટલા માટે પણ લેવામાં આવ્યો છે કે ગ્રાહક જ્યારે સાબુ, શેમ્પૂ, ટૂથપેસ્ટ, જેવી વસ્તુઓની ખરીદી કરે તો તેને ઈન્ગ્રેડિયન્ટ્સ વાંચીને પૂરી જાણકારી મેળવવાની જરૂર ન પડે. વસ્તુ પર લગાવેલા વેજ અને નોનવેજના સિમ્બોલથી જ ગ્રાહકને ખબર પડી જાય કે તેણે ખરીદેલી વસ્તુ વેજ છે કે નોનવેજ.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## એશિયન ગેમ્સમાં ૨૮ વર્ષ બાદ ભારતને વેટલિફ્ટિંગમાં મળ્યો મેડલ

# મીરાબાઈ ચાનુંએ સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો




**મીરાબાઈ ચાનુએ સ્નેચ ઇવેન્ટમાં ૮૭ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું : જ્યારે ક્લીન એન્ડ જર્કમાં તેમણે ૧૧૧ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું : આમ તેઓ બીજા સ્થાને રહ્યાં**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩:** મિરાબાઈ ચાનુએ આખરે એશિયન ગેમ્સમાં મેડલ જીતવાનું સપનું પૂરું કર્યુંછે. ૪૯ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં મિરાબાઈએ ભારત માટે સિલ્વર મેડલ જીત્યો છે. મીરાબાઈ ચાનુએ સ્નેચ ઈવેન્ટમાં ૮૭ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. જ્યારે ક્લીન એન્ડ જર્કમાં તેમણે ૧૧૧ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. આમ, કુલ ૧૯૮ કિલોગ્રામ વજન સાથે તેઓ બીજા સ્થાને રહ્યાં હતાં.



૧૯૯૮ બાદ આ ઈવેન્ટમાં ભારતનો આ પ્રથમ મેડલ છે. ઓલિમ્પિક મેડલ વિજેતા કર્ણમ મલ્લેશ્વરીએ ૨૮ વર્ષ પહેલાં બેંગકોકમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. મિરાબાઈ ચાનુએ ટોક્યો ઓલિમ્પિક્સમાં ભારત માટે સિલ્વર મેડલ જીત્યો હતો. તેઓ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલની હેટ્રિક પણ નોંધાવી ચૂક્યાં છે. તેમની પાસે લગભગ દરેક મોટા ઈવેન્ટનો મેડલ હતો, પરંતુ એશિયન ગેમ્સનો મેડલ બાકી હતો.

ચાનુએ પહેલીવાર ૨૦૧૪ની એશિયન ગેમ્સમાં ભાગ લીધો હતો, જ્યાં તેઓ નવમા સ્થાને રહ્યાં હતાં. ત્યારબાદ ૨૦૧૮ની જકાર્તા એશિયન ગેમ્સમાં ઈજાના કારણે તેઓ ભાગ લઈ શક્યાં નહોતાં. જ્યારે ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં તેઓ મેડલ જીતવાથી માત્ર એક સ્થાન દૂર રહ્યાં હતાં અને ચોથા સ્થાને રહ્યાં હતાં. હવે ૨૦૨૬માં સિલ્વર મેડલ સાથે મિરાબાઈની મેડલ કેબિનેટ પૂર્ણ થઈ ગઈ છે.

આ ઈવેન્ટનો ગોલ્ડ મેડલ વર્તમાન ચેમ્પિયન રી સોંગ-ગમના નામે રહ્યો હતો. આ સાથે રી સોંગ-ગમે એશિયન ગેમ્સમાં સતત ત્રીજી વખત ગોલ્ડ મેડલ જીત્યો છે.

રી સોંગ-ગમે સ્નેચમાં વર્લ્ડ રેકોર્ડ બનાવતાં ૯૪ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. જ્યારે ક્લીન એન્ડ જર્કમાં તેમણે ૧૨૧ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું, જે પણ વર્લ્ડ રેકોર્ડ રહ્યો હતો. કુલ ૨૧૫ કિલોગ્રામ વજન સાથે રી સોંગ-ગમે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

ઈવેન્ટનો બ્રોન્ઝ મેડલ ઈન્ડોનેશિયાની વિજયાના લુલુકએ જીત્યો હતો. તેમણે સ્નેચમાં ૮૭ કિલોગ્રામ અને ક્લીન એન્ડ જર્કમાં ૧૦૩ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. મિરાબાઈ ચાનુ માટે આ એશિયન ગેમ્સમાં મેડલ જીતવાની શ્રેષ્ઠ તકોમાંથી એક હતી. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલની હેટ્રિક નોંધાવ્યા બાદ મિરાબાઈએ કોઈ ઉજવણી કરી નહોતી. તેઓ સીધા મોદીનગર ગયા હતા, જ્યાં તેમનો ટ્રેનિંગ બેઝ છે. તેમની આ મહેનતનું પરિણામ હવે મળ્યું છે. મિરાબાઈના કોચ વિજય શર્માએ અગાઉ જણાવ્યું હતું કે, એશિયન ગેમ્સ બાદ મિરાબાઈ પોતાની વેઈટ કેટેગરી બદલશે. તેઓ ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં ૫૨ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં ભાગ લેવાની તૈયારી કરી રહ્યાં છે.

## જાપાન સામે માંડ માંડ જીતી ટીમ ઈન્ડિયા

# ભારત-જાપાન વચ્ચેની મેચમાં અમ્પાયર સાથે અય્યરની ચકમક

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩:** ભારત અને જાપાન વચ્ચેની ઐતિહાસિક મેચનો રોમાંચક અંત આવ્યો. આ મેચને રોમાંચક બનાવવામાં પીચના મિજાજથી લઈને ખેલાડીઓના પ્રદર્શન સુધી, તમામ બાબતોનું યોગદાન રહ્યું. પરંતુ, સૌથી મોટી ભૂમિકા એ હાઈ-વોલ્ટેજ ડ્રામાની રહી, જે જાપાનની ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં જોવા મળ્યો હતો. આ મુકાબલો ભારત-જાપાનના કૂટનીતિક સંબંધોના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રમાઈ રહ્યો હતો, જેમાં ટીમ ઈન્ડિયાએ માત્ર ૨ રનથી જીત નોંધાવી હતી. પરંતુ, એ ૨ રનની જીત માટે પણ ભારતીય ટીમને આકરી મહેનત કરવી પડી હતી. આ માટે મેદાન પર પ્રદર્શન કરવાથી લઈને અમ્પાયર સાથે ચકમક સુધી, ભારતીય ખેલાડીઓએ બધું જ કર્યું.

ભારત અને જાપાન વચ્ચે રમાયેલો T20 મુકાબલો અપેક્ષા કરતાં ક્યાંય વધુ રોમાંચક સાબિત થયો. વરસાદના કારણે ૫ ઓવરની કરવામાં આવેલી આ ટૂંકી મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા માત્ર ૩૨ રન બનાવ્યા હતા. જવાબમાં મેદાને ઉતરેલી જાપાનની ટીમે ભારતને પરસેવો છોડાવી દીધો અને મુકાબલો છેલ્લી ઓવર સુધી પહોંચી ગયો. આ જ છેલ્લી ઓવરમાં એવો હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો, જેણે મેદાન પર બેઠેલા દરેક વ્યક્તિના ધબકારા વધારી દીધા. મામલો મેચની સૌથી તણાવપૂર્ણ ક્ષણો એટલે કે છેલ્લી ઓવરનો છે. જાપાનને જીતવા માટે થોડા જ રનની જરૂર હતી અને મેદાન પર ભારે દબાણ હતું. અક્ષર પટેલ બોલિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન અમ્પાયર ક્રિસ થર્ગેટે અક્ષરના એક બોલને વાઈડ જાહેર કરી દીધો. સતત વાઈડ બોલ પહેલેથી જ ટીમ ઈન્ડિયાની મુશ્કેલીઓ વધારી રહ્યા હતા, એવામાં અમ્પાયરનો આ નિર્ણય જોઈને બોલર અક્ષર પટેલ ખૂબ જ નિરાશ થઈ ગયો. વાત અહીં જ પૂરી ન થઈ. ભારતીય કૅપ્ટન શ્રેયસ અય્યરે પોતાનો કાબુ ગુમાવ્યો અને તરત જ અમ્પાયર પાસે પહોંચી ગયો. ટીવી પર સ્પષ્ટ જોઈ શકાતું હતું કે શ્રેયસ અય્યર અમ્પાયરના આ નિર્ણયથી કેટલો ગુસ્સામાં હતો અને તેણે ઘણા આક્રમક અંદાજમાં પોતાની નારાજગી વ્યક્ત કરી. મેચના આ નાજુક વળાંક પર એક વધારાનો રન આપવો ભારતને ભારે પડી શકતો હતો અને અય્યરનો ગુસ્સો આ જ વાતને લઈને હતો.

ભારતીય કૅપ્ટનના ગુસ્સા અને ખેલાડીઓના દબાણને જોતાં મેદાની અમ્પાયરો ક્રિસ થર્ગેટ અને ક્રિસ બ્રાઉને અંદરોઅંદર ચર્ચા કરી. ત્યારબાદ એક મોટો નાટકીય વળાંક આવ્યો અને અમ્પાયરોએ પોતાનો નિર્ણય બદલીને તે બોલને માન્ય જાહેર કરી દીધો. આ યુ-ટર્નથી મેચમાં જબરદસ્ત વળાંક આવી ગયો.

હાઈ વૉલ્ટેજ ડ્રામા પછી ભારતીય ટીમે પોતાની માનસિક સ્થિતિ મજબૂત રાખી, આ રોમાંચક અને રસાકસીભર્યા મુકાબલામાં આખરે ૨ રનથી જીત નોંધાવી લીધી. ૫ ઓવરની આ મેચમાં ભારતે ૩૨/૪નો સ્કોર બનાવ્યો હતો, જેના જવાબમાં જાપાનની ટીમ ૩૦/૩ રન જ બનાવી શકી.

# SIR વિવાદ વકર્યો: વિપક્ષોએ CECની ધરપકડ અને અનેક રાજ્યોમાં ફરી ચૂંટણી યોજવાની કરી માંગ

**૧૩.૮ કરોડ નામો ગેરકાયદેસર રદ્ થયાનો આક્ષેપ છે, ભાજપે આક્ષેપો ફગાવી લોકશાહી પ્રક્રિયાને યોગ્ય ઠેરવી**







(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩**

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અને પંચની આંતરિક કામગીરીને લઈને પ્રકાશિત થયેલા એક અહેવાલ બાદ દેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ (TMC) સહિતના વિપક્ષના અનેક નેતાઓએ અલગ-અલગ માગણીઓ સાથે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) સામે મોરચો માંડી તેમના રાજીનામા, ધરપકડ અને તાજેતરની ચૂંટણીઓ રદ કરવાની આકરી માગણી કરી છે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીએ આ તમામ આક્ષેપોને જનાદેશ ગુમાવી ચૂકેલા પક્ષોની હતાશા ગણાવીને ફગાવી દીધા છે, જ્યારે ચૂંટણી પંચે પોતાના તમામ નિર્ણયો સર્વસંમતિ અને નિયમો અનુસાર લેવાયા હોવાની સ્પષ્ટતા કરી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન પર સીધા પ્રહારો કરતાં જણાવ્યું કે, વિપક્ષ લાંબા સમયથી ચૂંટણી પંચની ભૂમિકા સામે સવાલો ઉઠાવી રહ્યો હતો અને હવે પંચની અંદરથી જ તેની પુષ્ટિ થઈ ગઈ છે. તેમણે દાવો કર્યો કે, જૈંઈના પ્રથમ ત્રણ તબક્કામાં ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૩.૮ કરોડ નામો ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત કરી દેવાયા છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ ૭૩ વિપક્ષી સાંસદો દ્વારા સીઈસીને હટાવવા માટે રાજ્યસભામાં નોટિસ અપાઈ હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે વડાપ્રધાન પાસેથી જવાબ માંગ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠ વકીલ અને સાંસદ અભિષેક મનુ સિંઘવીએ પત્રકાર પરિષદમાં આક્ષેપ કર્યો કે, ભાજપે લોકશાહીની હત્યા કરવાનું કાર્યાલય ખોલી નાખ્યું છે. ચૂંટણી પંચમાં 'આંતરિક બુલડોઝર' ચલાવવામાં આવી રહ્યું છે અને બંને કમિશનરોની અસહમતિની તમામ નોંધ તાત્કાલિક જાહેર થવી જોઈએ. તેમણે ઉમેર્યું કે ફોર્મ-૬ માં કરાયેલા ફેરફારો ગેરકાયદેસર છે અને પશ્ચિમ બંગાળમાં યાદી સુધારણા બાદ ૩૮ લાખથી વધુ અપીલો દાખલ થઈ છે. સિંઘવીએ સીઈસીના રાજીનામાની માગણી કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી એ સોશિયલ મીડિયા પર પ્રહાર કરતાં જણાવ્યું કે મતની ચોરી એ દેશના નાગરિકો સામેનો ગુનો અને બંધારણ પર સીધો હુમલો છે. તેમણે BJP, RSS અને ચૂંટણી પંચ પર મત ચોરી કરીને દેશદ્રોહનું કામ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે ન્યાય જરૂર થશે.

આપના રાજ્યસભા સાંસદ સંજય સિંહે એ આકરા શબ્દોમાં કહ્યું કે, 'અમે પહેલા દિવસથી જ કહી રહ્યા છીએ કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) એક છેતરપિંડીવાળી પ્રક્રિયા છે જેને ભાજપના કહેવા પર જ્ઞાનેશ કુમાર ચલાવી રહ્યા છે. હવે આ વાત સાચી સાબિત થઈ ગઈ છે. જ્ઞાનેશ કુમારે જાણીજોઈને મત કાપવાનો ગુનો કર્યો છે. તેમની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલવા જોઈએ. જ્યાં જ્યાં પણ આ છેતરપિંડી થઈ છે, તે તમામ ચૂંટણીઓ તાત્કાલિક રદ કરવી જોઈએ.'

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી એ આ મુદ્દે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'દેશના ઈતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી. ચૂંટણી પંચ પર ભાજપના આઈટી સેલનો કબજો થઈ ગયો છે અને શાસક પક્ષના ઈશારે જ નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.' તેમણે તાત્કાલિક ધરપકડ કરવાની માગ કરી અને જણાવ્યું કે તેમના કાર્યકાળમાં જ્યાં જ્યાં ચૂંટણીઓ યોજાઈ છે ત્યાં ફરીથી મતદાન થવું જોઈએ.

શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું કે દેશના ઈતિહાસમાં પહેલીવાર બન્યું છે કે પંચના બે સભ્યોએ મનસ્વી નિર્ણયો સામે કેબિનેટ સચિવને પત્ર લખવો પડ્યો છે. તેમણે બંને ચૂંટણી કમિશનરોની હિંમતને બિરદાવતાં દેશમાં લોકશાહીની હત્યા અટકાવવા માટે સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવા અને સીઈસીને જેલમાં મોકલવા માગ કરી હતી.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે જણાવ્યું કે, બંધારણીય સંસ્થાના સભ્યોને જ જો ન્યાયપૂર્ણ કામ કરવાની સ્વતંત્રતા ન હોય તો આ લોકશાહીને ખતમ કરવાનું મોટું ષડયંત્ર છે. તેમણે સર્વોચ્ચ અદાલત સમક્ષ આપમેળે સંજ્ઞાન લેવાની અપીલ કરી હતી.

વિપક્ષના આક્રમક વલણ સામે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ સંબિત પાત્રાએ પત્રકાર પરિષદ યોજીને વળતો પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે ૨૦૧૪ પછી જનતા વિપક્ષને સતત નકારી રહી છે અને લોકશાહી ઢબે પરાજય થતાં વિપક્ષી પક્ષો હતાશામાં આવીને બંધારણીય સંસ્થાઓને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## SIR પ્રક્રિયામાં ૧૦ મહિનામાં ૧૪ વખત વાંધો ઉઠાવાયો

# જ્ઞાનેશ કુમાર દેશના દુશ્મન છે: અભિજિત દીપકેના પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩**

કોકરોચ જનતા પાર્ટીના (CJP) પ્રમુખ અભિજિત દીપકેએ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ શરૂ કર્યો છે. ચૂંટણી પંચમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર મતભેદ હોવાના દાવા સાથેના એક રિપોર્ટ બાદ દીપકેએ સીઈસી જ્ઞાનેશ કુમાર પર હુમલો કરતા કહ્યું હતું કે, તેઓ દેશના દુશ્મન છે. દીપકેએ કહ્યું કે, તેઓ ચૂંટણી નથી કરાવી રહ્યા, પરંતુ તેની પટકથા લખી રહ્યા છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ SIR પ્રક્રિયા દરમિયાન ૧૦ મહિનામાં કુલ ૧૪ વખત ઔપચારિક રીતે વાંધો ઉઠાવ્યો હતો. દાવો કરવામાં આવ્યો છે કે, વાંધાને ધ્યાને ન રાખીને કેટલાક નિર્ણયો લાગુ કરવામાં આવ્યા હતા. આ રિપોર્ટ પબ્લિશ થતાં જ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી સહિત કેટલાક વિપક્ષી પક્ષો સહિત સીજેપી નેતાઓએ પહેલેથી જ રડારમાં રહેલા સીઈસી જ્ઞાનેશ કુમાર પર પ્રહાર શરૂ કર્યા છે.

અભિજિત દીપકેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે, 'જ્ઞાનેશ કુમાર ભારતના દુશ્મન છે. કથિત રીતે ૧૨ કરોડથી વધુ નામ વોટર લિસ્ટમાંથી હટાવી દીધા છે. આ સંખ્યા વર્ષ ૨૦૨૪ લોકસભા ચૂંટણી દરમિયાન કુલ ૯૭ કરોડ મતદાતાઓના ૧૨.૪ ટકા છે. ભાજપની આગેવાનીવાળી NDA અને વિપક્ષ વચ્ચે માત્ર ૨ ટકાનું અંતર છે. જ્ઞાનેશ કુમાર ચૂંટણી નથી કરાવતા, તેઓ તેમની પટકથા લખે છે.' દીપકેએ અન્ય એક પોસ્ટમાં SIRની વાત કરી છે.

સીજેપીના સહ-સંયોજક આશુતોષ રાંકાએ પણ જ્ઞાનેશ કુમાર પર લોકતંત્રને બરબાદ કરવાનું કહીને હુમલો કર્યો છે. તેમણે લખ્યું છે કે, 'જ્યારે દેશનો ઈતિહાસ લખાશે, તો લોકતંત્રને બરબાદ કરનારા લોકોના લિસ્ટમાં જ્ઞાનેશ કુમાર ખાસ્સા ઉપર હશે.' પછી તેમણે દીપકેની પોસ્ટને શેર કરતા લખ્યું કે, 'આ કહેવામાં કોઈ સંકોચ ન હોવો જોઈએ કે, જ્ઞાનેશ કુમાર ભારતના દુશ્મન છે.'

# ૨૭ સપ્ટેમ્બર રવિવારે પણ બેંકો રહેશે ખુલ્લી

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૩**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તમામ બેંકોને ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ એટલે કે રવિવારે બેંક શાખાઓ, ઓફિસો, ATM લિંક્ડ બ્રાન્ચ અને કરન્સી ચેસ્ટ ખોલવાની મંજૂરી આપી દીધી છે. નોંધનીય છે કે, યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) એ ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર, એમ કૂલ ત્રણ દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. આ પહેલા ૨૬ સપ્ટેમ્બર શનિવાર અને ૨૭ સપ્ટેમ્બર રવિવારની રજા હતી. જો બેંકો રવિવારે પણ બંધ રહેતી તો ગ્રાહકોને ૫ દિવસ સુધી બેંકિંગ સેવાઓથી વંચિત રહેવું પડતું. જેના પગલે ગ્રાહકોની સુવિધાને ધ્યાનમાં રાખીને રવિવારે બેંક ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. RBIએ ઈન્ડિયન બેંક્સ એસોસિએશનને લખેલા પત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે, જનતાની વાસ્તવિક બેંકિંગ જરૂરિયાતો પર કોઈ વિપરીત અસર ન પડે, તેથી ૨૭ સપ્ટેમ્બરના રોજ બેંક શાખાઓ અને કરન્સી ચેસ્ટ સંપૂર્ણપણે ચાલુ રાખી શકાય છે. બેંકોને કાયદાકીય જોગવાઈઓનું પાલન કરીને આ વ્યવસ્થા કરવા જણાવ્યું છે. ખાનગી ક્ષેત્ર અને વિદેશી બેંકોના કરન્સી ચેસ્ટની યાદી પણ અલગથી મોકલી દેવાઈ છે. UFBUની ત્રણ દિવસની હડતાળને કારણે ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર સુધી બેંકો બંધ રહેવાની શક્યતા છે. આ પહેલા બે દિવસની રજા ઉમેરીને ગ્રાહકોને લગભગ પાંચ દિવસ સુધી બેંકિંગ સેવાઓ ન મળવાનો ખતરો હતો. આરબીઆઈએ આ બાબતને ધ્યાનમાં રાખીને રવિવારે બેંક ખોલવાની મંજૂરી આપી છે જેથી લોકોને વધુ મુશ્કેલી ન પડે. ગ્રાહકોને સલાહ અપાઈ છે કે જરૂરી કામ જેમ કે રોકડ ઉપાડવા, જમા કરાવવા અથવા અન્ય લેણદેણ ૨૭ સપ્ટેમ્બરના રોજ પતાવી લે, કારણ કે તે પછી ત્રણ દિવસ સુધી બેંકો બંધ રહી શકે છે.

## ગુજરાતમાં તરુણ ચુગને જવાબદારી

# ભાજપે રાજ્યોના નવા પ્રભારી અને સહ પ્રભારીઓના નામ જાહેર કર્યા



**સ્મૃતિ ઈરાની છત્તીસગઢના પ્રભારી રહેશે, જ્યારે સિદ્ધાર્થ શંભુ સહ-પ્રભારી તરીકે રહેશે : મહારાષ્ટ્રમાં બૈજયંત જય પાંડા પ્રભારી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩**

ભારતીય જનતા પાર્ટીએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પ્રભારી અને સહ-પ્રભારીઓની યાદી જાહેર કરી છે. જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, દિલ્હી, હરિયાણા અને પંજાબ જેવા મોટા રાજ્યોનો સમાવેશ થાય છે. કેટલાક રાજ્યોમાં થોડા મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ઉત્તર પ્રદેશમાં વિનોદ તાવડેને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે જગદીશ પટેલ, મેધા કુલકર્ણી, ડૉ. પ્રદીપ વર્મા અને અનંત ઓઝાને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગુજરાતના નેતા રોહન ગુપ્તાને બિહારના સહ પ્રભારી બનાવાયા છે. દર્શનાબેન જરદોશને દિલ્હીના સહ પ્રભારી બનાવવામાં આવ્યા છે. વર્ષાબેન દોશીને દીવ, દાદરા અને નગર હવેલીના ભાજપ પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે.

પંજાબમાં ડૉ. સતીશ પુનિયાને પ્રભારી અને અલ્કા ગુર્જરને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજસ્થાનમાં સંજય ભાટિયાને પ્રભારી અને કવિતા પાટીદાર અને કુલજીત ચહલને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત મહારાષ્ટ્રમાં એક પ્રભારી અને ત્રણ સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં બૈજયંત જય પાંડાને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અમિત માલવિયા, સદાનંદ શેઠ તનાવડે અને કમલજીત સેહરાવતને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

હરીશ દ્વિવેદીને બિહારના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે સંગીતા યાદવ અને રોહન ગુપ્તાને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સ્મૃતિ ઈરાની છત્તીસગઢના પ્રભારી રહેશે, જ્યારે સિદ્ધાર્થ શંભુ સહ-પ્રભારી તરીકે રહેશે. ડૉ. વિનય સહસ્ત્રબુદ્ધે દિલ્હીના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે જામયાંગ ત્સેરિંગ નામગ્યાલ અને દર્શનાબેન જરદોશ સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભારતી પ્રવીણ પવારને ગોવાના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે અનિલ એન્ટની સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગજેન્દ્ર પટેલને ઝારખંડના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં સૌરભ સિંહ અને નિવેદિતા સિંહ સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હરીશ દ્વિવેદી કર્ણાટકના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે ડૉ. કાસમ વેંકટેશ્વરલુ સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. એમ. નાગરાજાને કેરળના પ્રભારી તરીકે, એમ. વેંકટેશનને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજકુમાર ભાટિયાને લદ્દાખના પ્રભારી અને જ્યોર્જ કુરિયનને લક્ષદ્વીપના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

**વર્તમાન પ્રવાહ CORPORATE NEWS**

# ટાટા એઆઈએ એ મોમેન્ટમ વેલ્યૂ ૫૦ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૩:** ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સે આજે ટાટા એઆઈએ મોમેન્ટમ વેલ્યૂ ૫૦ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ એક યુનિટ-લિંક્ડ ઈન્વેસ્ટમેન્ટ વિકલ્પ છે, જે બે જાણીતા રોકાણ અભિગમો મોમેન્ટમ ઈન્વેસ્ટિંગ અને વેલ્યૂ ઈન્વેસ્ટિંગનું મિશ્રણ કરીને ડાયવર્સિફાઈડ ઈક્વિટી એક્સપોઝરની તક પૂરી પાડવા માટે બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ગ્રાહકોને બજારમાં ઊભી થતી તકોમાં ભાગ લેવાની સાથે જીવન વીમા સુરક્ષાનો વધારાનો લાભ પણ મળશે.



ન્યૂ ફંડ ઓફરની વિગતો- એનએફઓ સમયગાળો: ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી. એનએવી પર ઈશ્યૂ કરવામાં આવનાર યુનિટની કિંમત: રૂ.૧૦. આ ફંડ બીએસઈ ૫૦૦ના યુનિવર્સમાંથી મોમેન્ટમ અને વેલ્યૂના લક્ષણોના આધારે કંપનીઓની પસંદગી કરે છે. ફંડનું બેન્ચમાર્ક બીએસઈ ૫૦૦ મોમેન્ટમ વેલ્યૂ ૫૦ ઈન્ડેક્સ (કસ્ટમાઈઝ્ડ) રહેશે. એસેટ એલોકેશન: ૮૦ ટકા-૧૦૦ ટકા ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં, ૦ ટકા-૨૦ ટકા રોકડ, મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સમાં બદલાતી રોકાણકાર જરૂરિયાતોને અનુરૂપ., ટાટા એઆઈએ મોમેન્ટમ વેલ્યૂ ૫૦ ઈન્ડેક્સ ફંડ ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સની પસંદગીની યુલિપ સોલ્યુશન્સમાં ઉપલબ્ધ રહેશે.

આ ફંડના લોન્ચ અંગે ટિપ્પણી કરતાં ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર હર્ષદ પાટીલે જણાવ્યું હતું કે, મોમેન્ટમ અને વેલ્યૂ બંનેને ધ્યાનમાં લેતો મલ્ટીફેક્ટર અભિગમ રોકાણકારોને ઈક્વિટી રોકાણની તકોનું મૂલ્યાંકન કરતી વખતે વધુ વ્યાપક દ્રષ્ટિકોણ આપી શકે છે.

# રેલવેને ૧૪૦ કરોડની કમાણી: ૫ મહિનામાં ૧૮ લાખ લોકો વગર ટિકિટે ટ્રેન મુસાફરી કરતા ઝડપાયા



## દંડની રકમ ૨૫૦થી વધારીને ૫૦૦ કરાતા વસૂલાતમાં ૪૦%નો ઉછાળો આવ્યો: તહેવારોમાં ચેકિંગ સઘન બનાવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩**

ભારતીય રેલવેમાં મુસાફરી કરવી એ સામાન્ય નાગરિકો માટે સસ્તી અને આરામદાયક માનવામાં આવે છે, પરંતુ વગર ટિકિટે મુસાફરી કરતા લોકો સામે સેન્ટ્રલ રેલવેએ મોટા પાયે આક્રમક ઝુંબેશ હાથ ધરી છે. રેલવે તંત્રએ અનધિકૃત અને વિના ટિકિટ મુસાફરી પર તવાઈ બોલાવી છે, જેના પરિણામે છેલ્લા માત્ર પાંચ મહિનામાં જ રેલવેને દંડ પેટે કરોડો રૂપિયાની જંગી આવક થઈ છે.

સેન્ટ્રલ રેલવે દ્વારા જારી કરાયેલા આંકડા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન કુલ ૧૮.૦૩ લાખ અનધિકૃત અને વિના ટિકિટ મુસાફરોને પકડવામાં આવ્યા છે. ગત વર્ષે આ જ સમાન સમયગાળા (એપ્રિલ-ઓગસ્ટ) દરમિયાન 'વિધાઉટ ટિકિટ ટ્રેન ટ્રાવેલ'ના ૧૭.૧૯ લાખ કેસ સામે આવ્યા હતા, જેની સરખામણીએ આ વર્ષે ઝડપાયેલા કેસોની સંખ્યામાં મોટો વધારો થયો છે.

પાંચ મહિના દરમિયાન મુસાફરો પાસેથી વસૂલવામાં આવેલા દંડની રકમમાં વાર્ષિક ધોરણે ૪૦ ટકાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે: ગત વર્ષે એપ્રિલથી ઓગસ્ટ વચ્ચે સેન્ટ્રલ રેલવેએ પેનલ્ટી પેટે રૂ.૧૦૦.૫૦ કરોડની આવક મેળવી હતી.

આ વર્ષે દંડની વસૂલાતનો આ આંકડો ઝડપથી વધીને રૂ.૧૪૦ કરોડને પણ વટાવી ગયો છે. લઘુત્તમ દંડ રૂ.૨૫૦થી વધારીને રૂ.૫૦૦ કરાયો. વસૂલાતમાં થયેલા આ મોટા વધારા પાછળ મુખ્ય બે કારણો રહેલા છે: સ્ટેશનો અને ટ્રેનોમાં ટિકિટ ચેકિંગ ટીમો દ્વારા સઘન અને આક્રમક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

રેલવે દ્વારા વિના ટિકિટ મુસાફરી પર લેવાતો લઘુત્તમ દંડ અગાઉના ?૨૫૦થી વધારીને સીધો બમણો એટલે કે ?૫૦૦ કરી દેવામાં આવ્યો છે, જેનાથી કુલ આવકમાં સીધો વધારો થયો છે. સેન્ટ્રલ રેલવેના તમામ વિભાગો પૈકી પેનલ્ટી કલેક્શનમાં મુંબઈ ડિવિઝન સૌથી આગળ રહ્યું છે.

એકલા મુંબઈ ડિવિઝનમાંથી જ કુલ દંડના રૂ.૫૮.૪૬ કરોડ વસૂલ કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન મુંબઈ ડિવિઝનમાં સૌથી વધુ ૮.૮૦ લાખ વિના ટિકિટ મુસાફરીના કેસો નોંધાયા હતા.

સેન્ટ્રલ રેલવેના પ્રવક્તાના જણાવ્યા મુજબ, દિવાળી અને છઠ પૂજા જેવા આગામી તહેવારો દરમિયાન મુસાફરોની ભીડમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. આ બાબતને ધ્યાનમાં રાખીને મુંબઈ અને પુણે ડિવિઝનમાં મેલ, એક્સપ્રેસ, પેસેન્જર અને સ્પેશિયલ ટ્રેનોમાં તપાસ અભિયાન વધુ સઘન બનાવી દેવામાં આવ્યું છે. આ માટે સ્ટેશન ચેકિંગ, ઘાત લગાવીને તપાસ કરવી, અચાનક ઊંડાણપૂર્વકનું નિરીક્ષણ અને મોટા પાયે મેગા ટિકિટ ચેકિંગ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. રેલવે પ્રશાસને નાગરિકોને ચેતવણી આપી છે કે માન્ય ટિકિટ વગર મુસાફરી કરવી એ રેલવે એક્ટ હેઠળ ગંભીર ગુનો છે અને તેના માટે કાયદેસરની કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# બંગાળની ખાડીમાં સક્રિય થયેલું ડીપ ડિપ્રેશન ઓડિશા-આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ આગળ વધ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩**

બંગાળની ખાડીમાં સક્રિય થયેલું ડીપ ડિપ્રેશન હવે ઓડિશા-આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. આ હવામાન પ્રણાલીને કારણે પૂર્વ, મધ્ય અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં વરસાદની ગતિવિધિ વધી છે. હવામાન વિભાગે ઓડિશા સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપી છે.

ડીપ ડિપ્રેશનની અસરને પગલે ઓડિશાના દક્ષિણ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે કેટલાક જિલ્લાઓ માટે રેડ વોર્નિંગ જાહેર કરી છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા અને કેટલાક વિસ્તારોમાં ભૂસ્ખલનની શક્યતાને પગલે વહીવટી તંત્રને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા ઓડિશા સરકારે 33 ODRAF ટીમોને તૈનાત અથવા રિઝર્વમાં રાખી છે. તેમાંથી ૨૪ ટીમોને સંવેદનશીલ જિલ્લાઓમાં મોકલવામાં આવી છે, જ્યારે ૯ ટીમોને રિઝર્વમાં રાખવામાં આવી છે. ગંજામ અને કોરાપુટમાં ૬-૬ ટીમો સહિત અન્ય અસરગ્રસ્ત જિલ્લાઓમાં પણ ટીમોની તૈનાતી કરવામાં આવી છે. ભારે વરસાદની આગાહીને પગલે ઓડિશાના સંવેદનશીલ વિસ્તારોમાં શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ઉપલબ્ધ અહેવાલો અનુસાર કોરાપુટ, મલકાનગિરી, નબરંગપુર, ગંજામ, ગજપતિ અને ખુર્દા સહિતના જિલ્લાઓમાં ૨૪ સપ્ટેમ્બર સુધી શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી છે.

સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોમાં સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે અને તંત્રને કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક કામગીરી માટે તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે. પૂર કે અન્ય આકસ્મિક પરિસ્થિતિ સર્જાય તો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે શેલ્ટરો પણ તૈયાર રાખવામાં આવ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૨૪ સપ્ટેમ્બરે દક્ષિણ ઓડિશાના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ સાથે ભારે પવનની શક્યતા છે. આ હવામાન પ્રણાલી ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના કિનારા વચ્ચે પસાર થવાની સંભાવના છે.

# કેનેડામાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ પર મોટી કાર્યવાહી, ૨૦૦ સાગરીતોને દેશ છોડવાનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કેનેડા, તા.૨૩:** કેનેડામાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગ પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. કેનેડાની સુરક્ષા એજન્સીઓએ ગેંગના ૨૦૦ સભ્યોને દેશ છોડવાનો હુકમ કર્યો છે, જેમાંથી લગભગ ૧૧૧ લોકોને ડિપોર્ટ પણ કરી દેવાયા છે. કેનેડિયન બોર્ડર સર્વિસીસ એજન્સીના સૂત્રો અને સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લોરેન્સ બિશ્નોઈ ગૃપ હવે તેમની પ્રાથમિક ટાર્ગેટ યાદીમાં સામેલ છે. આ આકરી કાર્યવાહી વચ્ચે ૨૫ વર્ષીય જશનદીપ સિંહનો મામલો પણ સામે આવ્યો છે. જશનદીપ સિંહ ભારતીય નાગરિક છે, અને ડિસેમ્બર ૨૦૨૨માં પોતાને વિદ્યાર્થી ગણાવીને કેનેડા પહોંચ્યો હતો.

કેનેડાના ઈમિગ્રેશન એન્ડ રિફ્યુજી બોર્ડે જુલાઈમાં તેને દેશમાં રહેવા માટે અયોગ્ય ઠેરવ્યો અને બહાર કાઢવાનો આદેશ આપ્યો. પોલીસનો આરોપ છે કે, તેના તાર લોરેન્સ બિશ્નોઈના આંતરરાષ્ટ્રીય ક્રાઈમ નેટવર્ક સાથે જોડાયેલા હતા. જશનદીપ સિંહ સામે કાર્યવાહીનું મુખ્ય કારણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલો એક વીડિયો બન્યો છે. આ વીડિયો ઓગસ્ટ ૨૦૨૫માં એડમન્ટનમાં યોજાયેલી એક બર્થડે પાર્ટીનો હોવાનું કહેવાય છે. આ પાર્ટીમાં બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો અર્શદીપ સિંહ પણ હાજર હતો. અર્શદીપ સિંહને બિશ્નોઈ ગેંગનો મિડલ મેનેજર ગણાવવામાં આવ્યો છે, અને તેને ૨૦૨૬માં કેનેડાથી ડિપોર્ટ કરી દેવામાં આવ્યો છે.

વીડિયોમાં પાર્ટી દરમિયાન પિસ્તોલ લોકો વચ્ચે ફરતી જોવા મળે છે. ત્યારબાદ આખું ગૃપ એક ગ્રામિણ વિસ્તારમાં જાય છે. રિપોર્ટ મુજબ, વીડિયોમાં અર્શદીપ સિંહ કથિત રીતે પિસ્તોલથી હવામાં ઓછામાં ઓછી પાંચ ગોળીઓ ચલાવતો દેખાય છે. કારની બોનેટ પર બર્થડે કેક મૂકેલી પણ નજરે પડે છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી, અને ઘટનાસ્થળેથી વપરાયેલા કારતૂસના ખાલી ખોખા મળી આવ્યા હતા.

તપાસ આગળ વધતાં આ હથિયારને બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત એક કેફે પર થયેલા ફાયરિંગ સાથે જોડીને જોવામાં આવ્યું. આ ફાયરિંગ કેનેડાના લોઅર મેનલેન્ડ વિસ્તારમાં ચાલી રહેલી ખંડણી (એક્સ્ટોર્શન) રેકેટની તપાસનો એક ભાગ હતું. આ કેસમાં જશનદીપ સિંહ પણ પોલીસના રડાર પર આવી ગયો. ઈમિગ્રેશન સુનાવણી દરમિયાન તેણે બિશ્નોઈ ગેંગ સાથે કોઈ પણ સંબંધ હોવાનો ઈનકાર કર્યો હતો, અને હથિયારવાળા વીડિયોને લઈને અલગ-અલગ દલીલો આપી હતી.

રિપોર્ટ મુજબ, ઈમિગ્રેશન બોર્ડે તેના નિવેદનોમાં ભારે વિરોધાભાસ જોયો અને તેના દાવાને વિશ્વાસપાત્ર ન માન્યો. આ કાર્યવાહી બાદ કેનેડામાં બિશ્નોઈ ગેંગના નેટવર્કને લઈને સુરક્ષા એજન્સીઓની ચિંતા પણ ઉજાગર થઈ છે. બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા લોકો પર આતંક, ખંડણી, ડ્રગ્સ અને કોન્ટ્રાક્ટ કિલિંગ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના ગંભીર આરોપો છે. આ દરમિયાન સપ્ટેમ્બર ૨૦૨૬માં ગેંગ તરફથી કથિત રીતે સામે આવેલો એક પત્ર પણ ચર્ચામાં રહ્યો હતો. આ પત્રમાં ગેંગે કેનેડામાં પોતાના ૫,૦૦૦ શૂટર્સ હોવાનો દાવો કર્યો હતો, અને ધમકી આપી હતી કે, તે ટૂંક સમયમાં જ દેશ પર કબજો કરી લેશે.

# એર્દોગને ફરીથી UNGAના મંચ પરથી કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ન્યૂ યોર્ક, તા.૨૩**

મંગળવારે અમેરિકાના ન્યૂ યોર્કમાં યોજાયેલી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ની બેઠકમાં પોતાના સંબોધન દરમિયાન તુર્કિયેના રાષ્ટ્રપતિ એર્દોગને કહ્યું હતું કે, "કાશ્મીર મુદ્દા તેમજ દક્ષિણ એશિયાના અન્ય તમામ વિવાદોનો ઉકેલ UN ચાર્ટર અને અન્ય સંબંધિત ઠરાવોના માળખામાં વાતચીત અને ચર્ચા દ્વારા લાવવામાં આવે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે."

છેલ્લા ઘણા વર્ષોથી તુર્કિયેના રાષ્ટ્રપતિ વારંવાર સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ના મંચ પરથી કાશ્મીરનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. જો કે, ભારતે કાશ્મીર મુદ્દા પર તેની સાર્વભૌમત્વ અંગે સતત પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. ભારતે ખુલ્લેઆમ એર્દોગનના નિવેદનોની ટીકા અને વાંધો ઉઠાવ્યો છે, વારંવાર પુનરાવર્તન કર્યું છે કે જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ છે. એર્દોગનની ટિપ્પણીઓ પછી ભારતે સ્પષ્ટ કર્યું કે તુર્કિયે અન્ય દેશોની સાર્વભૌમત્વનો આદર કરવો જોઈએ અને ભારતના આંતરિક બાબતોમાં દખલગીરી અને નિવેદનો આપવાનું ટાળવું જોઈએ. જોકે, એર્દોગન સતત ભારત વિરુદ્ધ પોતાની ગંદી યુક્તિઓ ચાલુ રાખતા રહ્યા છે અને ફરી એકવાર ભારત વિરુદ્ધ યુએનજીએ પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો છે. એર્દોગનની ટિપ્પણીઓ પર ભારતમાંથી તીવ્ર પ્રતિક્રિયાઓ આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તુર્કિયેની તેમની આયોજિત મુલાકાત પણ રદ કરી દીધી હતી, જ્યારે ભારતે અંકારા સાથેના સંરક્ષણ સહયોગને મર્યાદિત કરવા માટે મોટા પગલાં પણ લીધા હતા. એર્દોગન તેમના યુએનજીએ સંબોધનો દરમિયાન ઘણી વખત કાશ્મીર પર ટિપ્પણી કરી છે. જ્યારે તેમના વક્તવ્યનો સ્વર અલગ અલગ રહ્યો છે, ત્યારે કાશ્મીર મુદ્દો હંમેશા તેમના ભાષણોમાં મુખ્ય મુદ્દો રહ્યો છે.





## બોલિવૂડ અભિનેત્રી રાણી મુખર્જીના માતા અને

# પૂર્વ પ્લેબેક સિંગર કૃષ્ણા મુખર્જીનું ૭૫ વર્ષની વયે નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

બોલિવૂડ અદાકારા રાણી મુખર્જીના માતા અને પૂર્વ પ્લેબેક સિંગર કૃષ્ણા મુખર્જીનું ૭૫ વર્ષની વયે નિધન થયું છે. મંગળવારે પરિવારે એક નિવેદન જાહેર કરીને આ દુ:ખદ સમાચાર આપ્યા હતા. જાણવા મળ્યા મુજબ, કૃષ્ણા મુખર્જીએ મંગળવારે બપોરે અંતિમ શ્વાસ લીધા હતા. આ સમાચાર સામે આવ્યા બાદ સમગ્ર બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર ફરી વળી છે. કૃષ્ણા મુખર્જીના પરિવારે નિવેદનમાં તેમના નિધનની પુષ્ટિ કરતા જણાવ્યું કે આ તેમના માટે અત્યંત મુશ્કેલ સમય છે. પરિવારે લોકોને આ દુ:ખની ઘડીમાં તેમની પ્રાઈવસી જાળવી રાખવા માટે અપીલ કરી છે. તેની સાથે જ કૃષ્ણા મુખર્જી પ્રત્યે દર્શાવેલા પ્રેમ, પ્રાર્થનાઓ અને સહાનુભૂતિ બદલ સૌનો આભાર માન્યો છે. રાણી મુખર્જી તેમની માતાની ખુબ જ નજીક હતી અને અનેક પ્રસંગોએ તેમણે પોતાના સંબંધો વિશે ખુલ્લીને વાતો કરી હતી. રાણી માટે તેમની માતા માત્ર પરિવારનો હિસ્સો જ નહીં, પરંતુ તેમના જીવન અને એક્ટિંગ કરિયરમાં એક મોટી પ્રેરણા હતા. રાણી મુખર્જીની ફિલ્મ 'મિસેસ ચેટર્જી વર્સિસ નોર્વે'માં તેમના અભિનયના ખૂબ વખાણ થયા હતા. આ ફિલ્મમાં તેમણે એક બંગાળી માતાની ભૂમિકા ભજવી હતી, જે પોતાના બાળકોને પાછા મેળવવા માટે સંઘર્ષ કરે છે. આ રોલ નિભાવતી વખતે રાણીએ વાસ્તવિક ઘટનાઓ સંબંધિત ઘણી બાબતો સમજી હતી, પરંતુ સ્ક્રીન પર પાત્ર ભજવવામાં તેમની પોતાની માતાનો પ્રભાવ ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યો હતો. ૨૦૨૩માં ફિલ્મના પ્રમોશન દરમિયાન રાણીએ જણાવ્યું હતું કે રોલ માટે તેમણે વાસ્તવિક કેસની વિગતો તો જોઈ હતી, પરંતુ તેઓ પાત્રમાં પોતાનો દ્રષ્ટિકોણ પણ ઉમેરવા માંગતા હતા. તેમણે કહ્યું હતું કે આ રોલ ભજવવા માટે તેમની માતા તરફથી મોટી પ્રેરણા મળી હતી.



પોતાની માતાને યાદ કરતા રાણીએ જણાવ્યું હતું કે કૃષ્ણા મુખર્જી તેમના માટે બંગાળી સંસ્કૃતિનું સૌથી મોટું ઉદાહરણ હતા. ઘરમાં બાળકોને પોતાના હાથે ખાવાનું ખવડાવવાથી લઈને માથા પર ટીકો લગાવવા સુધીની માતાની નાની-નાની આદતોએ રાણીને રોલ સમજવામાં મદદ કરી હતી. અભિનેત્રીએ કહ્યું હતું કે આ ભૂમિકા માટે તેમણે પોતાની માતા પાસેથી શક્તિ અને પ્રેરણા મેળવી હતી. રાણીના જણાવ્યા મુજબ, કૃષ્ણા મુખર્જી તે તમામ લોકોમાં સૌથી વધુ બંગાળી હતા જેમને તેઓ ઓળખતા હતા. આ જ કારણ હતું કે 'મિસેસ ચેટર્જી વર્સિસ નોર્વે'માં એક માતાની લાગણીઓ અને તેના સંઘર્ષને સમજવામાં તેમને પોતાના અંગત અનુભવોથી પણ મદદ મળી હતી. કૃષ્ણા મુખર્જીનો ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથેનો સબંધ માત્ર રાણી મુખર્જીના માતા હોવા પૂરતો મર્યાદિત નહોતો. તેઓ પોતે પણ એક પૂર્વ પ્લેબેક સિંગર હતા. તેમણે સંગીત ક્ષેત્રે કામ કર્યું હતું અને આ જ કારણે રાણીનું બાળપણ પણ સિનેમા અને સંગીતથી ભરેલા વાતાવરણમાં વીત્યું હતું. કૃષ્ણા મુખર્જીના લગ્ન ફિલ્મમેકર રામ મુખર્જી સાથે થયા હતા. રામ મુખર્જી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે લાંબા સમય સુધી જોડાયેલા રહ્યા હતા અને તેઓ ફિલ્માલય સ્ટુડિયોઝના સહ-સંસ્થાપકોમાંથી એક હતા. વર્ષ ૨૦૧૭માં તેમનું નિધન થયું હતું. રાણી મુખર્જીએ પોતાની કારકિર્દીમાં અલગ-અલગ પ્રકારના પાત્રો ભજવ્યા છે, પરંતુ તેમના અંગત જીવનમાં માતાની ભૂમિકા હંમેશા ખાસ રહી છે. કૃષ્ણા મુખર્જીએ દીકરીની એક્ટિંગ સફરને નજીકથી જોઈ હતી અને પોતાના અનુભવોથી તેને સતત પ્રેરણા આપતા રહ્યા હતા.

# હોરર ફિલ્મ વિષકન્યામાં રાજકુમાર રાવ સાથે પ્રતિભા રંટાની જોડી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

ધર્મા પ્રોડક્શન્સની ફેન્ટસી હોરર ફિલ્મમાં રાજકુમાર રાવ અને પ્રતિભા રંટાની મુખ્ય ભૂમિકા ભજવવા માટે પસંદગી કરવામાં આવી છે. લાપતા લેડિઝ ફિલ્મથી ફિલ્મ જગતમાં પ્રવેશેલી પ્રતિભા રંટા આ ફિલ્મમાં વિષકન્યાની મુખ્ય ભૂમિકા ભજવશે. આ ફિલ્મનું નિર્દેશન ૨૦૨૩માં 'સુખી' ફિલ્મનું નિર્દેશન કરી ફિલ્મ નિર્દેશિકા બનેલી સોનલ જોશી કરશે. સોનલ જોશીએ 'ધૂમ ૩' અને 'તમાશા' જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬ના અંતમાં શરૂ કરી દેવાશે. રાજકુમાર રાવે ધર્મા પ્રોડક્શન્સની 'મિસ્ટર એન્ડ મિસિસ માહિ'માં ૨૦૨૪માં કામ કર્યુ હતું. આ જ રીતે પ્રતિભા રંટાએ પણ ધર્મા પ્રોડક્શન્સની 'એક્યુઝ્ડ'માં કામ કર્યુ છે જે ફેબ્રુઆરી ૨૦૨૬માં ઓટીટી પર રજૂ થઈ હતી.

# ધ રોયલ્સ ટુમાં સિનિ શેટ્ટી અને ગુરફતેહ પિરજાદાની એન્ટ્રી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

મે ૨૦૨૫માં આવેલી 'ધ રોયલ્સ' વેબ સીરિઝની બીજી સિઝનનું શૂટિંગ ઉદયપુરમાં આ અઠવાડિયે શરૂ કરવામાં આવશે. 'ધ રોયલ્સ'ની બીજી સિઝનમાં દર્શકોને સિનિ શેટ્ટી, ઈશાન ખટ્ટર અને ગુરફતેહ પિરજાદા વચ્ચે પ્રણય ત્રિકોણ રચાતો જોવા મળશે. 'ધ રોયલ્સ'માં પહેલી સીઝનમાંમાં મહત્વની ભૂમિકા ભજવનારી નોરા ફતેહી બીજી સિઝનમાં પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. જોકે, પહેલી સીઝનની મુખ્ય હિરોઈન ભૂમિ પેડનેકરને બીજી સીઝનમાંથી તગેડી મૂકાઈ છે. ગુરફતેહ પિરજાદા તાજેતરમાં 'ધ રેવોલ્યુશનરીઝ'માં ક્રાંતિકારી બાઘા જતિનની ભૂમિકામાં જોવા મળ્યો હતો. તે 'લસ્ટ સ્ટોરીઝ થ્રી'માં કિરણ રાવની સ્ટોરીમાં સના શમ્પિ સામે કરણ અને અર્જુન એમ બેવડી ભૂમિકામાં જોવા મળ્યો છે. હવે તે પિરિયડ પોલિટિકલ ડ્રામા 'અધૂરે હમ અધૂરે તુમ'માં રાજકારણીની ભૂમિકામાં દેખાશે.

# સુપરમોડેલ સિન્ડી ક્રોફોર્ડના પુત્ર, પ્રેસ્લી ગેર્બરની ૨૭ વર્ષની વયે વિદાય

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

ફેશન અને ગ્લેમર ઉદ્યોગ માટે દુ:ખદ સમાચાર છે. વિશ્વ વિખ્યાત સુપરમોડેલ સિન્ડી ક્રોફોર્ડ અને ઉદ્યોગપતિ રેન્ડે ગેર્બરના પુત્ર અને પ્રખ્યાત મોડેલ અને ઉદ્યોગસાહસિક, પ્રેસ્લી ગેર્બરનું ૨૭ વર્ષની વયે અવસાન થયું છે. લોસ એન્જલસ કાઉન્ટી મેડિકલ એક્ઝામિનર અનુસાર, પ્રેસ્લીએ લોસ એન્જલસના એક પુનર્વસન કેન્દ્રમાં અંતિમ શ્વાસ લીધા. જોકે, તેના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાહેર કરાયું નથી. સિન્ડી ક્રોફોર્ડના પ્રતિનિધિએ દુ:ખદ સમાચારની પુષ્ટિ કરતાં કહ્યું, "પરિવાર આ ખૂબ જ મુશ્કેલ અને દુ:ખદ સમયમાં ગોપનીયતાની વિનંતી કરે છે." ૧૯૯૯ માં કેલિફોર્નિયામાં જન્મેલા પ્રેસ્લી સિન્ડી મોડેલ અને અભિનેત્રી કૈઆ ગેર્બરના મોટા ભાઈ હતા. પ્રેસ્લીએ ફેશન ઉદ્યોગમાં પોતાના પરિવારને અનુસરીને ૧૬ વર્ષની ઉંમરે ઇટાલિયન ફેશન લેબલ મોસ્ચિનો માટે રનવે ડેબ્યૂ કર્યુ. બાદમાં તેણે બર્બેરી, ડોલ્સે અને ગબ્બાના, બોટ્ટેગા વેનેટા, ટોમી હિલફિગર અને રાલ્ફ લોરેન જેવા મુખ્ય ફેશન હાઉસ માટે મોડેલિંગ કર્યું. કેલ્વિન ક્લેઈન, સેલિન, પેપ્સી અને ઓમેગા જેવા બ્રાન્ડ્સ માટેના અભિયાનોમાં પણ એ દેખાયો. તાજેતરનાં વર્ષોમાં, પ્રેસ્લીએ માનસિક સ્વાસ્થ્ય અને પદાર્થના ઉપયોગ સાથેના તેના અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી છે. ૨૦૨૩ માં 'સ્ટુડિયો ૨૨' પોડકાસ્ટ પર, તેણે માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ લાવવા માટે તેના પ્લેટફોર્મનો ઉપયોગ કરવાના તેના પ્રયાસોની ચર્ચા કરી. તેણે "મેન્ટલ હેલ્થ મન્ડેઝ" નામની એક પહેલ પણ શરૂ કરી હતી. બેઘર લોકો માટે કામ કરતી લોસ એન્જલસ સ્થિત સંસ્થા, અ સેન્સ ઓફ હોમ જેવી સંસ્થાઓ સાથે પણ તેણે કામ કર્યુ જે બેઘર લોકોને મદદ કરે છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં, પ્રેસ્લીએ ઈન્સ્ટાગ્રામ પર એક વિડિઓ શેર કર્યો હતો જેમાં તેણે મનની ગભરાટની લાગણીઓ સામે



એન્ટીડિપ્રેસન્ટ્સ અને ઝેનાક્સ સહિતની દવાઓની ચર્ચા કરી હતી. આ વિડિઓ પાછળથી કાઢી નાખવામાં આવ્યો હતો. સિન્ડીએ જુલાઈમાં, તેના ૨૭મા જન્મદિવસે, તેણે ફેસબુક પર લખ્યું હતું કે તેણી જે માણસ બની છે તેના પર તેણીને ગર્વ છે, અને ઉમેર્યુ હતું કે તે હંમેશા તેને પોતાનો "નાનો છોકરો" માનશે. કૈઆ ગેર્બર તેના ભાઈની મુશ્કેલીઓ વિશે ખુલાસો કર્યો છે. પ્રેસ્લીનું મૃત્યુ તેની બહેન, કૈઆએ અમેરિકન વોગના સપ્ટેમ્બર અંકમાં વ્યસન સામેના તેના સંઘર્ષ વિશે વાત કર્યાના થોડા સમય પછી થયું. કૈઆએ તેના અનુભવોનો પરિવાર પર પડેલી અસરનું વર્ણન કર્યુ અને કહ્યું કે તેનાથી પરિવારમાં તેની પોતાની ભૂમિકા પ્રત્યેનો તેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. તેણે પ્રેસ્લીના પોતાના સંઘર્ષોને છુપાવવાને બદલે ખુલીને બોલવાના નિર્ણય વિશે પણ વાત કરી. કૈઆએ કહ્યું, "અમારા માતાપિતા મોટાભાગે ખૂબ જ ખાનગી રહેતાં હતાં અને કંઈપણ શેર કરતાં નહોતાં - અને હવે અમારી પાસે એક મહાન શિક્ષક છે, મારો ભાઈ, જે કહે છે, 'હું બધાની સામે ખૂબ જ માનવી બનીશ.'" લોસ એન્જલસ કાઉન્ટી મેડિકલ એક્ઝામિનર દ્વારા પ્રેસ્લીના મૃત્યુની તપાસ કરવામાં આવી રહી છે. મૃત્યુના સંજોગો અથવા કારણ વિશે હજુ સુધી કોઈ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી.

# અજય દેવગણની થ્રીલરનું નામ બદલી સૂર્યસ્પર્શ કરવામાં આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

અજય દેવગણની ફિલ્મ 'ગૃહ પ્રવેશ'નું નામ બદલીને હવે 'સૂર્ય સ્પર્શ' કરવામાં આવ્યું છે. રોહિત જુગરાજ નિર્દેશિત ફિલ્મમાં અજય દેવગણ એક ભેદી પાત્ર ભજવતો જોવા મળશે. ગરૂડ પુરાણ આધારીત આ ફિલ્મમાં ભગવાન વિષ્ણુ અને પક્ષીરાજ ગરૂડ વચ્ચે થતાં સંવાદની વાત વણી લેવામાં આવશે. ફિલ્મના રહસ્યમય અને ડરામણાં માહોલને જોતાં તેનું નવું નામ 'સૂર્યસ્પર્શ' યોગ્ય છે તેવો દાવો કરાયો છે. ફિલ્મને ૨૦૨૭ના ઉત્તરાર્ધમાં રજૂ કરવાની નેમ હોઈ ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બરથી શરૂ કરી દેવામાં આવ્યું છે જે આખો નવેમ્બર મહિનો ચાલશે. અજય દેવગણ ફિલ્મનો સહ નિર્માતા પમ છે. રોહિત જુગરાજે અજય દેવગણની ૨૦૦૩માં આવેલી ફિલ્મ 'ભૂત'માં રામ ગોપાલ વર્માના સહાયક નિર્દેશક તરીકે કામ કર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે

# પારડીમાં ભાજપ દ્વારા આરોગ્ય તપાસ શિબિર અને સ્વચ્છતા અભિયાન યોજાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સમર્પણ અને સુશાસનના ૨૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય કાર્યો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે 'સેવા મેરા યોગદાન' અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્યના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના સતત માર્ગદર્શન હેઠળ પારડી શહેર ભાજપ દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી), પારડી ખાતે સર્વરોગ નિદાન, મહિલા આરોગ્ય તપાસ શિબિર તેમજ સ્વચ્છતા કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય કેમ્પમાં પારડી શહેર તેમજ આસપાસના વિસ્તારના નાગરિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો. સમગ્ર દિવસ દરમિયાન કુલ ૩૩૦ જેટલા દર્દીઓની આરોગ્ય તપાસ કરી જરૂરી માર્ગદર્શન અને સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. કેમ્પ દરમિયાન મહિલાઓના આરોગ્યની વિશેષ તપાસણી કરવામાં આવી હતી તેમજ ઉપસ્થિત લોકોને સ્વચ્છતા અને તંદુરસ્તી જાળવવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ સેવાકીય કાર્યક્રમમાં પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, મહામંત્રી શ્રી અશોકભાઈ પ્રજાપતિ, કારોબારી ચેરમેન શ્રી ચેતનભાઈ, બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી પ્રણવભાઈ દેસાઈ, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ સહિત નગરપાલિકાના સભ્યો, સંગઠનના વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે સંગઠનના અગ્રણીઓએ કેમ્પને સફળ બનાવવા બદલ સીએચસીના તબીબો, નર્સિંગ સ્ટાફ અને સહયોગી કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રવિવાર તા.૨૭ સપ્ટેમ્બર ના રોજ બેંકો ચાલુ રહેશે, તા.૨૮થી ૩૦ બેંક હડતાલ હોવાથી લેવાયેલ નિર્ણય

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

આગામી રવિવાર, ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જાહેર ક્ષેત્રની તમામ બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકોની શાખાઓ ગ્રાહકોની સુવિધા માટે ખુલ્લી રહેશે. સામાન્ય રીતે રવિવારે બેંક શાખાઓ બંધ રહેતી હોય છે, પરંતુ આગામી ત્રણ દિવસની દેશવ્યાપી બેંક હડતાળને ધ્યાનમાં રાખીને આ વિશેષ નિર્ણય લેવામાં આવ્યો છે.

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) દ્વારા ૨૮થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસની દેશવ્યાપી બેંક હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. હડતાળ પહેલાં શનિવાર-રવિવારની રજાઓ આવતી હોવાથી સતત દિવસો સુધી બેંકિંગ સેવાઓને અસર ન થાય અને ગ્રાહકોનું જરૂરી બેંકિંગ કામ અટવાઈ ન જાય તે માટે ૨૭ સપ્ટેમ્બરે રવિવારે બેંક શાખાઓ ખુલ્લી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સામાન્ય નિયમ મુજબ ભારતમાં રવિવારે તમામ બેંક શાખાઓ બંધ રહે છે, જ્યારે મહિનાના બીજા અને ચોથા શનિવારે પણ બેંકોમાં રજા હોય છે. જોકે ATM, UPI, નેટ બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ જેવી ડિજિટલ સેવાઓ સામાન્ય રીતે રજા અથવા બેંક બંધ હોવા છતાં ઉપલબ્ધ રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭ સપ્ટેમ્બરે કઈ-કઈ શાખાઓ ખુલ્લી રહેશે અને તેમના ચોક્કસ કામકાજના સમય અંગે ગ્રાહકોએ પોતાની સંબંધિત બેંકની સ્થાનિક સૂચના ચકાસવી.

# ઈન્ડિયન આર્મીમાં ભરતી માટે ધરમપુરમાં અનસુચિત જનજાતિ યુવાનો માટે સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ વર્ગ શરૂ થશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

ઈન્ડિયન આર્મી દ્વારા ગુજરાત રાજ્યમાં દર વર્ષે લશ્કરી ભરતી કેમ્પનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં ગુજરાતને ફાળે આવતી જગ્યાઓમાં ભરતી થવા માંગતા ઉમેદવારોને રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની રોજગાર વિનિમય કચેરી દ્વારા લશ્કરી,પોલીસ ફોર્સ, સિક્યુરીટી ગાર્ડમાં ભરતીના હેતુસર ૩૦ દિવસીય સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ વર્ગ શરૂ કરવામાં આવે છે.

ભારતીય સેનામાં જોડાવા માટે ભરતી થવા પૂર્વેની શારીરિક તેમજ લેખિત પરીક્ષાની તાલીમ વર્ગનું ફક્ત પુરુષ ઉમેદવારો માટે આયોજન કરવામાં આવે છે. આ નિ:શુલ્ક તાલીમ વર્ગનો લાભ લઈ વલસાડ જિલ્લાના અનુસૂચિત જનજાતિના વધુને વધુ યુવાનો ભરતી કેમ્પમાં પસંદગી પામે તે માટે આ તાલીમ ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. જેમાં અભ્યાસ એસ.એસ.સી. પાસ ૪૫% ટકા સાથે, વયઃ ૧૭ થી ૨૧ વર્ષ, ઉંચાઇ ૧૬૫ સે.મી., વજન ૫૦ કિલો અને છાતી ૭૯-૮૪ સે.મી.ની લાયકાત ધરાવતા અને રસ ધરાવતા ઉમેદવારોએ સાદા કાગળ પર તા.૧૫/૧૦/૨૦૨૫ સુધીમાં અરજી કરવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે નગર રોજગાર કચેરી, ધરમપુર તાલુકા સેવા સદન ધરમપુર, ત્રીજો માળ તા.ધરમપુર ફોન નં.૦૨૬૩૩૨૪૨૦૯૩નો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

**(છેલ્લા પાનાનું ચાલુ) સેલવાસના રાજભાષા...**

'હિન્દી પખવાડિયા' દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા વિજેતા સહભાગીઓને સેલવાસના નિવાસી નાયબ કલેક્ટર શ્રી અમિત કુમારના હસ્તે ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સહભાગીઓના ઉત્સાહ અને સર્જનાત્મક ભાગીદારીની પ્રશંસા કરવામાં આવી હતી.

સમારંભના મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેલા સેલવાસના નિવાસી નાયબ કલેક્ટર શ્રી અમિત કુમારે સમારોહને સંબોધતા કાર્યક્રમના આયોજન પર ખુશી વ્યક્ત કરી હતી અને તમામ વિજેતા સ્પર્ધકોને અભિનંદન આપ્યા હતા. તેમણે રાજભાષા વિભાગની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, તે સૌથી સક્રિય વિભાગોમાંનો એક છે. રાજભાષા વિભાગ સરકારી કામમાં હિંદીના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. પોતાના શાળાના અનુભવો શેર કરતા, તેમણે હિંદી ભાષાનું સન્માન કરવા અને તેના પ્રચારને પ્રોત્સાહન આપવાના મહત્ત્વ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે 'હિન્દી પખવાડિયા' દરમિયાન હિન્દીને પ્રોત્સાહન આપવા, સરકારી કામમાં તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને હિંદી વિશે જાગૃતિ લાવવા માટે રાજભાષા વિભાગે વિવિધ હિંદી સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. પ્રદેશના પ્રશાસનિક અધિકારીઓ, કર્મચારીઓ, વિવિધ શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, વ્યાખ્યાતાઓ, શિક્ષકો અને બિન-સરકારી સંસ્થાઓએ આ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ડૉ. અનિતા કુમારે ખુબ જ સુંદર રીતે કરી હતી. રાજભાષા વિભાગના જૂનિયર હિંદી અનુવાદકો શ્રી મહાદુ બારિયા અને શ્રી સંજય મિશાલે 'હિંદી પખવાડિયા'ની સફળતામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. રાષ્ટ્રગીત અને ઈનામ વિતરણ સમારોહ સાથે 'હિદી પખવાડિયા'નું સમાપન કરવામાં આવ્યું હતું.

# ચીખલી કાવેરી નદીમાં જળસ્તર ઘટ્યું: ૨૨ ફૂટ સુધીની ૮૦થી વધુ શ્રીજીની પ્રતિમાઓના વિસર્જનમાં મુશ્કેલી સર્જાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૩**

વરસાદ બંધ રહેતા કાવેરી નદીની સપાટી ૮ ફૂટે વહેતા વિસર્જન પૂર્વે ડેમના, કેનાલના પાણી ઉપર વિસર્જન નિર્ભર બનવા પામ્યું હતું. જોકે, આ વચ્ચે રોડ રસ્તાની અવ્યવસ્થા વચ્ચે મંગળવારની રાત્રે ગણેશજીની પ્રતિમાનું વિસર્જન તલાવચોરા ખાતે કરાવવાની નોબત આવી હતી.

ચીખલી તાલુકામાં શુક્રવારના રોજ ગણેશ વિસર્જન દરમિયાન ૭ ફૂટથી લઇ ૨૨ફૂટ સુધીની ૮૦થી વધુ શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન થનાર હોય ત્યારે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી તરફ તાલુકામાં છૂટાછવાયા ઝાપટાને બાદ કરતા નહીંવત વરસાદને પગલે ચીખલીની કાવેરી નદીમાં પાણીનું સ્તર ઘટી જતા હાલે ૮ફૂટની સપાટીએ વધી રહી છે. આ ઉપરાંત નદીના પટમાં પથ્થરની શીલા બહાર આવી જવાના કારણે ગણેશજીની મોટી પ્રતિમાઓના વિસર્જનને લઈને તંત્ર માટે પણ મૂંઝવણ ઉભી થવા પામી છે.

ચીખલીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ ગણેશ મંડળો દ્વારા મોટી સંખ્યામાં ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી છે. ખાસ કરીને ૧૨ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી ૧૫થી વધુ ગણેશજીની પ્રતિમાઓ હોવાના કારણે વિસર્જન દરમિયાન પૂરતી ઊંડાઈ ધરાવતા પાણીની આવશ્યકતા રહેતી હોય છે.



-તસવીરઃ દિપક સોલંકી

જોકે હાલ કાવેરી નદીમાં પાણી ઘટતાં નદીના મધ્યભાગ નજીક પણ પથ્થરની શીલા બહાર દેખાઈ રહી છે અને માટી કાંપના પુરાણના કારણે ઊંડાઈ પણ ઘટી છે બીજી તરફ નદીમાં બહાર આવેલ પથ્થરની શીલાને કારણે પ્રતિમા લઈ જતાં વાહનો, ક્રેન અથવા અન્ય સાધનોની કામગીરીમાં પણ અનેક મુશ્કેલી સર્જાઈ શકે છે.

થોડા દિવસ અગાઉ કાવેરી નદીમાં વરસાદી પાણીની આવક વધતા નદીમાં સારો પ્રવાહ જોવા મળ્યો હતો. પરંતુ હાલ વરસાદે વિરામ લેતા જળસ્તર ઘટી ગયું છે. આગામી શુક્રવારના રોજ વિસર્જન પૂર્વે વરસાદ નહીં પડે તો વિસર્જન સમયે પાણીનું સ્તર વધુ ઘટવાની શક્યતા પણ નકારી શકાય એમ નથી. આ સ્થિતિમાં કાવેરી નદીમાં ઉપલબ્ધ પાણીમાં જ મોટી પ્રતિમાઓનું સુરક્ષિત વિસર્જન કરાશે કે તંત્ર દ્વારા પૂરતી ઊંડાઈ ધરાવતા સ્થળે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવશે કે કેમ ? તેવામાં મેઘરાજાની કૃપા થાય અથવા કેનાલ મારફતે નદીમાં પાણી છોડવામાં આવે તેના પર નિર્ભર રહેશે.

ચીખલીમાં કાવેરી નદી કિનારે ઓવરબ્રિજ નીચે મોટી ગણેશ પ્રતિમાઓના વિસર્જન સ્થળે ચીખલી ગ્રામ પંચાયત દ્વારા લાઈટિંગ અને બેરીકેટિંગ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં સ્થળ સુધી પહોંચવા રસ્તા પર પડેલા ખાડાનું રિપેરિંગ ન કરાતા વિસર્જન માટે આવતા વાહનો અને ગણેશભક્તોએ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ નદીમાં પાણીનું પ્રમાણ પણ પૂરતું ન હોવાના કારણે મોટી પ્રતિમાઓના વિસર્જનને લઈને મુશ્કેલી સર્જાઈ રહી છે. મંગળવારે રાત્રે ચીખલીની એક ૧૪ફૂટની ગણેશ પ્રતિમાનું તલાવચોરા સ્થિત કાવેરી નદીમાં રાત્રે દોઢેક વાગ્યે વિસર્જન પૂર્ણ કરાયું હતું.

મોટી પ્રતિમાના વિસર્જન દરમિયાન સ્થળ પર પોલીસ તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ સિવાય અન્ય કોઈ વિભાગના અધિકારીની હાજરી જોવા ન મળતાં તંત્રની વ્યવસ્થા સામે સવાલો ઉઠ્યા હતા.

# તિઘરા ગામમાં વાડી વિસ્તારમાં દિપડો દેખાયો : ગામમાં ભયનો માહોલ છવાયો

## દિપડાની અવર જવર દેખાતા તુરંત વન વિભાગને ઘટનાની જાણ કરાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વલસાડ જિલ્લાના અનેક ગામોમાં દિપડાઓનો ત્રાસ અવાર નવાર જોવા મળતો રહે છે. તેવો વધુ એક બનાવ ગત રાત્રે વાપી બગવાડા ટોકનાકા પાસે તિઘરા ગામના વાડી વિસ્તારમાં દિપડો દેખાયો હતો. દિપડાની ઉપસ્થિતિની વાત ગામમાં વાયું વેગે ફેલાઈ જતા ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

બે દિવસ પહેલા વલસાડના કકારવાડા ગામના નાનુ ફળીયામાં દિપડો રાત્રે વાછરડાનું મારણ કરી ભાગી ગયેલો તેથી ગ્રામજનોએ વનવિભાગને જાણ કરી હતી. તેથી વનવિભાગે દિપડો પુરવા પાંજરૂ ગોઠવ્યું છે. આજે ફરી બગવાડા ટોકનાકા પાસે તિઘરા વિસ્તારમાં દિપડો આવેલો ગ્રામજનોએ જોતા વન વિભાગને જાણકારી છે.વન વિભાગે તિઘરામાં પણ પાંજરૂ મુકવાની તજવીજ હાથ ધરી છે. વલસાડ જિલ્લાના અનેક ગામોમાં અવારનવર દિપડાનો રંજાડ જોવા મળી રહ્યો છે. જે સામાન્ય જનજીવનમાં ભયનો માહોલ ઉભી કરતો રહે છે.

# કપરાડા ખાતે '૨૫ વર્ષ' સેવા, સમર્પણ, સુશાસન સંકલ્પ અભિયાન અંતર્ગત રક્તદાન શિબિર યોજાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના '૨૫ વર્ષ' સેવા, સમર્પણ અને સુશાસન સંકલ્પ' અભિયાન અંતર્ગત કપરાડા તાલુકામાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવસેવા એ જ પ્રભુસેવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ અને સ્થાનિક કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

આ રક્તદાન શિબિરમાં વલસાડ જિલ્લા અધ્યક્ષ શ્રી હેમંતભાઈ કંસારા અને કપરાડાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ રક્તદાતાઓનો ઉત્સાહ વધારતા જણાવ્યું હતું કે રક્તદાન એ મહાદાન છે અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે તે જીવનદાન સમાન સાબિત થાય છે. 'સેવા અને સમર્પણ'ના સંકલ્પને સાચા અર્થમાં ચરિતાર્થ કરતો આ પ્રયાસ અત્યંત પ્રશંસનીય છે, શિબિરમાં ઉપસ્થિત અગ્રણી શ્રી અરવિંદભાઈ કોંતી તથા પૂર્વ સંગઠન ઉપપ્રમુખ શ્રી ચેન્દરભાઈ ગાયકવાડે સ્વયં રક્તદાન કરીને નિ:સ્વાર્થ જનસેવાનું શ્રેષ્ઠ અને પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે વલસાડ જિલ્લા મહામંત્રી શ્રી વિપુલભાઈ ભોયા, કપરાડા તાલુકા પ્રમુખ શ્રી ભરતભાઈ ગાવઢા, જિલ્લા સિંચાઈ સમિતિના અધ્યક્ષ શ્રીમતી દક્ષાબેન ગાયકવાડ, જિલ્લા સંગઠન મંત્રી શ્રીમતી મીનાક્ષીબેન ગાંગોડા, પૂર્વ જિલ્લા કારોબારી અધ્યક્ષ શ્રી ગુલાબભાઈ રાઉત સહિત કપરાડા તાલુકા સંગઠનના તમામ હોદ્દેદારો, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરને સફળ બનાવી હતી.

# સરીગામ ખાતેથી ૨૫ વર્ષીય પુજા કનોજીયા ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે પન્ના વિહાર બિલ્ડિંગ સામે ઓમકારની ચાલમાં રૂમ નં.૦૪માં રહેતા ૨૭ વર્ષીય વિકાસ છવિરાજ કનોજીયા (મૂળ રહે. ગામ-મુરખા, થાના-ચંદ્રવક, જિ.જોનપુર, યુ.પી.)ની ૨૫ વર્ષીય પત્ની પુજા તા.૧૦/૦૮/૨૬ના રોજ સાંજે ૭ થી ૮ વાગ્યા દરમિયાન ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ નહીં મળતા પતિએ સરીગામ પોલીસ મથકે પત્ની ગુમ થયાની જાણ કરી હતી. ગુમ થનાર પુજા શરીરે પાતળો બાંધો, ઘઉંવર્ણ અને સવા પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. ડાબા હાથમાં છુંદણુ છે. પર્પલ કલરની સાડી પહેરી હતી. જેણે ધો. ૧૦ સુધી અભ્યાસ કરેલો છે. જે હિન્દી ભાષા જાણે છે. જે કોઈને પણ આ ગુમ થનાર પુજા કનોજીયાની ભાળ મળે તો સરીગામ પોલીસ



મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# વલસાડમાં કોર્ટ પાસે બિનવારસી હાલતમાં મળી આવેલા અજાણ્યા યુવકનું સિવિલમાં મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વલસાડ શહેરમાં કોર્ટની બહાર મેઈન રસ્તા પર શારીરિક નબળાઈના કારણે અર્ધ બેભાન હાલતમાં ૩૧ વર્ષીય અજાણ્યો પુરૂષ તા.૧૬/૦૮/૨૬ના રોજ રાત્રિના ૧૨-૩૫ કલાકે મળી આવ્યો હતો. કોઈક રાહદારીએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા સ્થળ પર આવી સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તા. ૧૯/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૦૭-૩૦ કલાકે મોત થયું હતું. મરણ જનારે લીલા કલરની હાફ બાયની ટીર્શટ અને વાદળી કલરનો જિન્સ પેન્ટ પહેર્યો હતો. માથે કાળા અને સફેદ કલરના ટૂંકા વાળ અને સફેદ કલરની દાઢી છે. ચહેરો લંબગોળ આકારનો છે. રંગે ઘઉંવર્ણ, પાતળો બાંધો અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેના વાલી વારસોની ભાળ મળે તો વલસાડ સિટી પોલીસ મથકે જાણ કરવા જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.


**CHANGE OF NAME**

**OLD NAME:**
TASANIMBAHEN SAKIRALI VHORA
**NEW NAME:**
**TASNEEM MUSTAFA SANCHAWALA**
**ADDRESS:** 1/440, B-1TF, AMMI APT, 3RD FLOOR, ZAPABAR, NANI DAMAN,DAMAN 396210.

**CHANGE OF NAME**

**OLD NAME:**
DHODI DANANJAY BALUBHAI
**NEW NAME:**
**DHANJAY BALUBHAI DHODI**
**ADDRESS:** H. NO. 56, SCHOOLL FALIA, ZARI, MOTI DAMAN, DAMAN-396220. DIST. DAMAN.

**File No.K-15017/01/2026-Trg.Part (397022)**
**ભારત સરકાર**
**ગ્રામીણ વિકાસ વિભાગ**
**(તાલીમ વિભાગ)**
**કર્તવ્ય ભવન-૩, નવી દિલ્હી-૧૧૦૦૦૧**

**ભરતી સૂચના**

આ મંત્રાલયે રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા (NIRD&PR), હૈદરાબાદ ખાતે ડેપ્યુટેશન ધોરણે ડેપ્યુટેશન પર ડેપ્યુટી ડિરેક્ટર જનરલની જગ્યા ભરવા માટે અરજીઓ મંગાવી છે. આ જગ્યા માટે પગાર બેન્ડ રૂ. ૩૭૪૦૦-૬૭૦૦૦ અને ગ્રેડ પે રૂ.૧૦૦૦૦/- (છઠ્ઠો સીપીસી) રહેશે આ જાહેરાત ૪-૧૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં પ્રકાશિત થઈ હતી અને અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૬ હતી. આથી જણાવવામાં આવે છે કે અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ (લંબાવેલ તારીખ)સુધી લંબાવવામાં આવી છે. તમામ અરજીઓ નિર્ધારિત ફોર્મેટમાં કેડર કંટ્રોલિંગ ઓથોરિટી નાયબ સચિવ (તાલીમ), ગ્રામીણ વિકાસ વિભાગ, રૂમ નં. ૧૬, (૫એ), બીજો માળ, લોધી રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૩ને મોકલવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઈટનો સંદર્ભ લો: https://rural.gov.in અને https://dord.gov.ir www.nird.org.in
છેલ્લી તારીખ: ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ (લંબાવેલ તારીખ).
Advt. No. 02/2026 (K-15017/01/2026-Trg.Part (397022))

**(પ્રદીપ કુમાર)**
**ભારત સરકારના નાયબ સચિવ**
**CBC 35101/11/0007/2627**

**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

**હરાજી સૂચના**

જામપોર ઘાટ, સી-ફ્રન્ટ, મોટી દમણ (તબક્કો-II) ખાતે દુકાનો ચલાવવાની પરવાનગી આપવા બાબત

જાહેરાત નં. 4/442/DT/DMN/JMPRGHT/STALLS/24-25/177

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 09/10/2026

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/
dnhddtourism@gmail.com
Phone No. 0260-2250002

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

No. IP/DMN/2/5/2026-27/522, Dated: 23/09/2026

**U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Women and child Development

**NOTICE INVITING TENDER**

Supply of Nutritious Food/Pulses items for Anganwadi Centers situated in DNH/Daman/Diu District for the year 2026-2027

Tender No. : **2026_UTDNH_8258_1**
Last date of download : - 05-Oct-2026
Last date of online submission : 05-Oct-2026

dnhtenders.nic.in
nnmdnh@gmail.com

Dy. Secretary social welfare, Fort Area, Daman Court campus, Daman,396220

Outward No:- **DNH-DD/AWC Procurement/2025-2026/** Date: 22/09/2026

No. IP/DMN/2/5/2026-27/523, Dated: 23/09/2026

**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

| | |
|---|---|
| | **જાહેર બાંધકામ વિભાગ - દમણ** |
| | **ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના** |
| | **પરિયારી ગ્રામ પંચાયત, મોટી દમણમાં પરિયારી વરલીવાડ તળાવમાં ચેઈનલિંક ફેન્સિંગ પૂરી પાડવી અને ફિક્સિંગ.** |
| | ટેન્ડર આઈડી નં.: **2026_DAMAN_4972_1** |
| For details please scan | ડાઉનલોડની છેલ્લી તારીખ : **05/10/2026** |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : **05/10/2026** |
| https://ddtenders.gov.in | બિડ ખોલવાની તારીખ : **05/10/2026** |

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.- જીલ્લા પંચાયત, મોટી દમણ**

No. IP/DMN/2/5/2026-27/524, Dated: 23/09/2026


**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપીના જાહેર માર્ગ ઉપર ગેરકાયદે પાર્કિંગ થયેલા વાહનો સામે પોલીસ એક્શન મોડમાં: ટાયર લોક કરાયા





**શહેરમાં ટ્રાફિક સમસ્યા માટે આડેધડ થતાં વાહન પાર્કિંગ જવાબદાર છે, ક્યારેક તો કલાકો સુધી વાહનો પાર્ક કરવામાં આવે છે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વાપી શહેરમાં ટ્રાફિક સમસ્યા દિન પ્રતિદિન વકરી રહી છે અને આ સમસ્યાનું મૂળ કારણ છે જ્યાં ત્યાં ગેરકાયદે વાહન પાર્કિંગનો જમેલો જવાબદાર છે. તેથી પોલીસ જાહેર રોડ ઉપર ગેરકાયદે પાર્ક કરેલા વાહનો સામે કાર્યવાહી હાથ ધરી છે. પાર્ક કરેલા વાહનોને ટાયર લોક પોલીસ લગાવી રહી છે.

વાપીની ભૌગોલિક સ્થિતિ શહેર વચ્ચેથી પસાર થતો નેશનલ હાઈવે રેલવે તથા બિલાડીના ટોપની જેમ ઠેર ઠેર ઉભા થઈ ગયેલા કોમર્શિયલ બિલ્ડીંગ, સાંકડા રોડ અને વરસાદી પાણીથી પડેલા ખાડા આ તમામ સ્થિતિ ટ્રાફિક સર્જી રહી છે. શહેરમાં અતિશય વાહનો, કારોમાં બેસુમાર વધારો થઈ રહ્યો છે. તેવા વાહનો રોડ ઉપર જ્યાં ત્યાં જાહેર રોડ ઉપર બેરોકટોક લોકો પાર્કિંગ કરતા રહે છે. પરિણામે ટ્રાફિક ઉભો થઈ રહ્યો છે. હજારો ટ્રકો કારોનું પાર્કિંગ રોજીંદુ જાહેરમાં થાય છે. તેથી ટ્રાફિક સમસ્યા નિરાકરણ માટે પોલીસ એક્શન મોડમાં આવી છે. આડેધડ પાર્ક કરેલા વાહનોને ટાયર લોક મારી રહી છે. તમારૂ વાહન પણ ગેરકાયદે પાર્ક થયેલું હશે તો પોલીસ લોક લાગી જશે તેથી વાપીમાં સલામિત અને સાવધાનીપૂર્વક વાહન પાર્ક કરવું જાહેરહિત માટે હવે જરૂરી બની રહ્યું છે.

**સિટી સર્વે-જમીન દફતરની હડતાળથી રિયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રોને ફટકો**

# વલસાડ જિલ્લા રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશનની મુખ્યમંત્રીને રજૂઆત, કામગીરી તાત્કાલિક શરૂ કરાવવા માંગ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

રાજ્યમાં સિટી સર્વે તેમજ જમીન દફતર શાખાના કર્મચારીઓ વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાળ પર ઉતરતાં વહીવટી કામગીરી પર વ્યાપક અસર પડી રહી હોવાનો મુદ્દો વલસાડ જિલ્લા રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. એસોસિએશને મુખ્યમંત્રીને પત્ર પાઠવી કર્મચારી સંગઠનો સાથે તાત્કાલિક સકારાત્મક સંવાદ સાધી હડતાળનો ઉકેલ લાવવા અને અટકેલી કામગીરી ફરી શરૂ કરાવવા રજૂઆત કરી છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ સિટી સર્વે અને જમીન દફતરની કામગીરી બંધ રહેતાં નવા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સને અસર થઈ રહી છે. માપણી શીટ, સિટી સર્વે નકશા, પ્રોપર્ટી કાર્ડ અપડેટ, ટાઈટલ ક્લિયરન્સ તેમજ બિનખેતી (NA) સંબંધિત દસ્તાવેજી પ્રક્રિયાઓ અટકી જવાથી પ્લાન પાસિંગ અને જરૂરી પરવાનગીઓ મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે.

હડતાળની અસર સામાન્ય નાગરિકો પર પણ પડી રહી હોવાનું એસોસિએશને જણાવ્યું છે. તાજા પ્રોપર્ટી કાર્ડ અને માપણી અહેવાલ ઉપલબ્ધ ન થતાં ઘર કે દુકાન ખરીદનારાઓને હોમ લોન અને મોર્ગેજ મંજૂર કરાવવામાં તેમજ લોન ડિસ્બર્સમેન્ટમાં મુશ્કેલી પડી રહી છે. વારસાઈ નોંધ, હક્ક કમી, વહેંચણી અને બક્ષિસ દસ્તાવેજો સંબંધિત કામગીરી પણ અટકી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા કડિયા, સુથાર, પ્લમ્બર, ટ્રાન્સપોર્ટર્સ, નાના વેપારીઓ અને બાંધકામ સામગ્રીના સપ્લાયર્સ સહિતના લોકોની રોજગારી પર પણ તેની અસર પડી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. નવી સાઈટો શરૂ ન થવાથી દૈનિક મજૂરી પર નિર્ભર પરિવારો સામે આજીવિકાનું સંકટ ઊભું થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત નવા ઔદ્યોગિક એકમો માટે જરૂરી જમીન માપણી, સીમાચિહ્નોની ખાતરી, લે-આઉટ વેરિફિકેશન અને ટાઈટલ વેરિફિકેશનની કામગીરીમાં વિલંબ થતાં નવા રોકાણો અને ઔદ્યોગિક વિકાસની ગતિ પર પણ અસર થવાની રજૂઆત કરવામાં આવી છે.

એસોસિએશને વધુમાં જણાવ્યું છે કે, દસ્તાવેજ રજિસ્ટ્રેશન, નકશા ફી, માપણી અરજીઓ અને વિવિધ પ્રીમિયમની વસૂલાત સાથે જોડાયેલી કામગીરી અટકતાં રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફી સહિતની આવકમાં પણ નુકસાન થઈ રહ્યું છે.

વલસાડ જિલ્લા રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશને મુખ્યમંત્રીને અપીલ કરી છે કે રાજ્ય અને પ્રજાના વ્યાપક હિતમાં કર્મચારી સંગઠનો સાથે તાત્કાલિક બેઠક યોજી તેમની વ્યાજબી માંગણીઓનો ઉકેલ લાવવામાં આવે અને સિટી સર્વે તથા જમીન દફતરની તમામ અટકેલી કામગીરી તાત્કાલિક પુનઃશરૂ કરાવવામાં આવે.

# ઉમરસાડી માછીવાડના લાપતા દોઢ વર્ષીય બાળકની લાશ મળી આવી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૩**

ઉમરસાડી માછીવાડ ખાતે વર્ષોથી ચાલી આવતી ધાર્મિક પરંપરા અનુસાર લક્ષ્મી નારાયણ મંદિરમાં બિરાજમાન લાલજી મહારાજને વર્ષ દરમિયાન દરિયા તથા નદીમાં સ્નાન કરાવી પરત મંદિરમાં બિરાજમાન કરી પૂજા અર્ચના કરવામાં આવે છે.

વર્ષોની પરંપરા મુજબ ગઈકાલે આશરે ૧૦ જેટલી બોટોમાં મહિલા પુરુષો સવાર થઈ લાલજી મહારાજને લઇ દરિયા તથા પાર નદીમાં સ્નાન કરાવી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ૧૦ બોટ પૈકી એક બોટ અચાનક પલટી જતા બોટમાં સવાર તમામ લોકોને અન્ય બોટ સવાર તથા તરવૈયા દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા. પરંતુ પોતાની દાદી સાથે આવેલ દોઢ વર્ષીય મોક્ષાર્થ નામના બાળક પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જેને લઇ સમગ્ર ઉંમરસાડી માછીવાડ ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી.

તાત્કાલિક તમામ માછીમારો તથા બોટ માલિકો અને ચંદ્ર પૂરની માંગેલા લાઇક સેવન ટ્રસ્ટના યુવાનો દ્વારા કરવામાં આવેલ શોધખોળને લઈ આ બાળક ઉમરસાડી માછીવાડ અને મોભોદ ગામ વચ્ચે નવા બનાવેલ બ્રિજ નીચેથી મળી આવ્યો હતો.

કહેવાય છે કે, પોતાનો વહાલસોયો દીકરો જીવતો હશેની આશામાં બાળક મળ્યા બાદ તેને મીઠામાં (નમકમાં )રાખવાની પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરંતુ વિધાતાએ આ બાળકનું આટલું જ આયુષ્ય લખ્યું હોય આખરે તેને મૃત જાહેર કરાયો હતો. આજરોજ ઉમરસાડી માછીવાડ મોરી ફળિયા ખાતેથી નીકળેલ સ્મશાન યાત્રામાં હજારો લોકોએ જોડાયા હતા અને સમગ્ર ગામ હીબકે ચડ્યું હતું.

# સેલવાસના રાજભાષા વિભાગ દ્વારા આયોજિત 'હિન્દી પખવાડિયા'નો સમાપન અને ઈનામ વિતરણ સમારોહ સંપન્ન

**રાજભાષા વિભાગના જૂનિયર હિંદી અનુવાદકો મહાદુ બારિયા અને સંજય મિશાલે 'હિંદી પખવાડિયા'ની સફળતામાં આપેલું મહત્ત્વપૂર્ણ યોગદાન**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૩**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના રાજભાષા વિભાગ, સેલવાસ અને દમણ-દીવ પ્રશાસન દ્વારા આયોજિત 'હિંદી પખવાડિયા'નો સમાપન અને ઇનામ વિતરણ સમારોહ આજે સેલવાસના કલા કેન્દ્ર ખાતે ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો.

સમારોહની શરૂઆત શિવ પ્રકાશ મેમોરિયલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વંદે માતરમ્ અને સરસ્વતી વંદના(નૃત્ય)ના ભાવપૂર્ણ ગાનથી કરવામાં આવી હતી. રાજભાષા વિભાગના ડૉ. અનિતા કુમારે સ્વાગત પ્રવચન દ્વારા અતિથિઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને સહભાગીઓનું સ્વાગત કર્યું હતું. ભારતીય રિઝર્વ બટાલિયન, સેલવાસના સૈનિકો દ્વારા રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમે દર્શક શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ત્યારબાદ મામલતદાર શ્રી સાગર એસ. ઠક્કરે સ્વ-રચિત હિંદી કવિતા રજૂ કરી હતી.

સમારોહના મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેલા સેલવાસના નિવાસી નાયબ કલેક્ટર શ્રી અમિત કુમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનું ઔપચારિક ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, ડૉ. અનિલ કૌશિકે પોતાના સંબોધનમાં સરકારી કામકાજમાં હિંદીનો ઉપયોગ વધારવા અને હિંદી વિશે જાગૃતિ લાવવા માટે થઈ રહેલા પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. આ અવસરે ભૂતપૂર્વ નાયબ નિયામક (સત્તાવાર ભાષા) શ્રી એસ.કે. પટિયાલે પણ પોતાના સંબોધન દ્વારા રાજભાષા વિભાગ, સેલવાસની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર પ્રકાશ પાડ્યો હતો અને રાજભાષા તરીકે હિંદીના અસરકારક ઉપયોગ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

-વધુ પેજ નં.૭ પર

# પરંપરાને અનુસરવા કરતાં તે કાર્યને સરળ અને સુઘડ બનાવવવા સક્રિય પ્રયત્ન કરવો તે જ સાચી ક્રાંતિ છે

**મેકલીનને શિપિંગનો અનુભવ નહોતો, પરંતુ તેમને પરિવહનની સમસ્યા સમજાઈ હતી. રિસ્ટનને મેકલીનના વ્યવસાયનો અનુભવ નહોતો, પરંતુ તેમને મેકલીનના વિચારમાં રહેલી સંભાવના સમજાઈ હતી. બીજામાં રહેલી સંભાવનાને સાચા સમયે ઓળખવું એ માણસની સૌથી મોટી ઉપલબ્ધિ છે. કદાચ જીવનની સિક્કાની ત્રીજી બાજુ પણ આ જ છે– જે સમસ્યા બધાને દેખાય છે, તેમાં છુપાયેલી સંભાવના દરેકને દેખાતી નથી**

**૧૯૫૫**ની વાત છે.

અમેરિકાની નેશનલ સિટી બેંક ઑફ ન્યૂયોર્કની એક મહત્વની બેઠકમાં એક એવી લોનનો પ્રસ્તાવ આવ્યો, જેને જોઈને બેંકના અધિકારીઓ પણ વિચારમાં પડી ગયા.

માલ્કમ મેકલીન નામના એક સફળ ટ્રકિંગ ઉદ્યોગપતિએ શિપિંગ ક્ષેત્રમાં પ્રવેશવા માટે ૪૨ મિલિયન ડોલરની લોન માગી હતી. તે સમયે આ ખૂબ મોટી રકમ હતી.

સમસ્યા એ હતી કે મેકલીનને શિપિંગ ઉદ્યોગનો કોઈ અનુભવ નહોતો.

બેંક માટે આ મોટું જોખમ હતું. કોઈ વ્યક્તિને આટલી મોટી રકમ ધિરાણ આપવી અને જો તેનો નવો વ્યવસાય નિષ્ફળ જાય તો પૈસા પાછા મેળવવા મુશ્કેલ બની શકે.

પરંતુ આ દરખાસ્તને બોર્ડ સુધી પહોંચાડનાર યુવાન બેંકર હતા—વોલ્ટર રિસ્ટન.

રિસ્ટને મેકલીનની દરખાસ્તનો અભ્યાસ કર્યો હતો અને તેમાં કંઈક એવું જોયું હતું જે બીજાઓને દેખાતું નહોતું.

બેંકના કેટલાક વરિષ્ઠ અધિકારીઓને લાગ્યું કે, આ દરખાસ્ત તો શરૂઆતના તબક્કે જ નકારી દેવી જોઈએ. પરંતુ રિસ્ટને એક અલગ વાત કહી:

''પહેલા તેમના વિચારને સાંભળીએ. ત્યાર પછી પણ જો તમને યોગ્ય ન લાગે તો તેને નકારી શકીએ.''

આ નિર્ણયથી એક એવી મુલાકાતનો માર્ગ ખુલ્યો, જેણે આગળ જતાં માત્ર બેંકિંગ જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના વેપારનું સ્વરૂપ બદલી નાખ્યું.

માલ્કમ મેકલીને પોતાનો નવા ઉદ્યોગનો અભિગમ બોર્ડ સમક્ષ રજૂ કર્યો.

મેકલીનની શરૂઆત કોઈ મોટા ઉદ્યોગપતિ તરીકે થઈ નહોતી. ૧૯૩૫માં, કોલેજમાં જવા માટે પૂરતા પૈસા ન હોવાથી, તેમણે એક જૂનો ટ્રક ખરીદ્યો અને માલસામાનની હેરફેર શરૂ કરી. પોતાની મહેનત અને વ્યવસાયિક કુશળતાથી તેમણે ધીમે ધીમે McLean Trucking Company સ્થાપી જે અમેરિકાની મોટી ટ્રકિંગ કંપનીઓમાંની એક હતી.

મેકલીન એક દિવસ પોતાની ટ્રક લઈ ન્યૂજર્સી નજીકના નેવાર્ક બંદરે પહોંચ્યો. તેણે એવું કંઈક જોયું, જેને બીજા લોકો વર્ષોથી જોતા આવ્યા હતા—પરંતુ સમસ્યા તરીકે કોઈએ જોયું નહોતું.

ટ્રકમાંથી માલની એક-એક પેટી ઉતારવામાં આવતી. પછી તે ગોડાઉનમાં લઈ જવામાં આવતી અને ત્યારબાદ એક-એક કરીને જહાજમાં ચઢાવવામાં આવતી.

આ પ્રક્રિયામાં ભારે સમય લાગતો. મોટી સંખ્યામાં મજૂરોની જરૂર પડતી. માલની વારંવાર ફેરવણી કરવી પડતી. વળી જહાજો બંદર પર લાંબા સમય સુધી રોકાયેલા રહેતા. સમય, મજૂરી અને હેન્ડલિંગનો ખર્ચ વધતો જતો.

મેકલીનના મનમાં એક સરળ પ્રશ્ન આવ્યો:

''માલની દરેક વસ્તુ અલગ-અલગ ખસેડવા કરતાં એક જ જગ્યા પર મોકલવાના માલના દાગીનાને જો એક મજબૂત ધાતુના મોટા બોક્સ—કન્ટેનર—માં ભરી દેવામાં આવે અને તે કન્ટેનરને ક્રેન દ્વારા સીધું ટ્રકમાંથી જહાજમાં અને જહાજમાંથી ફરી ટ્રક કે રેલવે પર મૂકી શકાય.''

આ વિચાર આજે આપણને સામાન્ય લાગે છે.

પરંતુ ત્યારે તે પરિવહનની પરંપરાગત પદ્ધતિ સામેનો ક્રાંતિકારી વિચાર હતો.

મેકલીન માત્ર વિચાર કરીને અટક્યા નહીં. પોતાના વિચારને સાકાર કરવા તેમણે પોતાની સફળ ટ્રકિંગ કંપની વેચી નાખી અને શિપિંગ ક્ષેત્રમાં પ્રવેશવાનું નક્કી કર્યું.

Pan-Atlantic Steamship Corporation નામની શિપિંગ કંપની ખરીદવા માટે તેમને મોટા પ્રમાણમાં મૂડીની જરૂર હતી. આ માટે તેમણે બેંક પાસે ૪૨ મિલિયન ડોલરની લોન માગી.

બેંકના અધિકારીઓ સામે મેકલીને માત્ર પોતાના વિચારની વાત નહોતી કરી. તેમણે જોખમનો જવાબ પણ આપ્યો.

તેમણે સમજાવ્યું કે જે કંપની તેઓ ખરીદવા માગે છે તેની પાસે પહેલેથી જ જહાજો, મિલકતો અને અન્ય સંપત્તિઓ છે. એટલે તેમનો નવો પ્રયોગ નિષ્ફળ જાય તો પણ બેંક પાસે લોન વસૂલ કરવા માટે નોંધપાત્ર સંપત્તિ રહેશે.

હવે બોર્ડને વાત અલગ રીતે દેખાવા લાગી.

શરૂઆતમાં જે દરખાસ્ત એક અનુભવવિહોણા માણસનું મોટું જોખમ લાગી રહી હતી, તેમાં હવે એક વ્યવહારુ વ્યવસાયિક યોજના દેખાવા લાગી.

અને અંતે ૪૨ મિલિયન ડોલરની લોન મંજૂર થઈ.

વોલ્ટર રિસ્ટને મેકલીનમાં માત્ર એક લોન લેનાર વ્યક્તિને નહીં, પરંતુ એક નવી સંભાવનાને જોઈ હતી.



**સિક્કાની ત્રીજી બાજુ**

**- સ્વામી ચિન્મયદાસ**

પછી મેકલીને પાન એટલાન્ટિકનું નામ બદલી તેને સી-લેન્ડ સર્વિસ નામ આપ્યું!

આ સાથે જ આધુનિક વૈશ્વિક વેપારમાં કન્ટેનરના અભિગમે સૌથી મહત્વપૂર્ણ સ્થાન લઈ લીધું!

મેકલીનની સી લેન્ડ કંપની દ્વારા એક જૂના ઓઈલ ટેન્કર Ideal Xને કન્ટેનર વહન કરવા માટે રૂપાંતરિત કરવામાં આવ્યું.

૨૬ એપ્રિલ ૧૯૫૬નો એ ઐતિહાસિક દિવસ હતો કે જ્યારે ideal X શીપ સૌ પ્રથમ ૫૮ કન્ટેનર સાથે નેવાર્ક થી હ્યુસ્ટન માટે રવાના થયું. આ સફર કોઈ પણ મુશ્કેલી વગર પાંચ દિવસમાં જ પૂર્ણ થઈ!

પરિણામ ચોંકાવનારું હતું. ફેડરલ રિઝર્વ બેંકના રિપોર્ટ મુજબ, જૂની પદ્ધતિમાં એક ટન માલ ચડાવવાનો ખર્ચ ૫.૮૩ ડોલર હતો, જ્યારે કન્ટેનરથી એ જ ખર્ચ માત્ર ૦.૧૫ ડોલર થઈ ગયો.

પરંતુ તેનાથી શરૂ થયેલા પરિવર્તનની અસર આખી દુનિયા સુધી પહોંચી.

પરંપરાગત કાર્ગો હેન્ડલિંગની સરખામણીમાં કન્ટેનરમાં માલની હેરાફેરી કરવાથી સમય અને ખર્ચમાં ભારે ઘટાડો થયો. જહાજોને બંદરે ઓછો સમય રોકાવું પડ્યું. મજૂરી અને હેન્ડલિંગ ખર્ચ ઘટ્યો. માલને નુકસાન અને ચોરીનું જોખમ પણ ઓછું થયું.

આજે વિશ્વભરના બંદરો પર એકસરખા દેખાતા કન્ટેનરો આપણને સામાન્ય લાગે છે.

પરંતુ દરેક ક્રાંતિની શરૂઆતમાં તે સામાન્ય નથી હોતી.

ક્યારેક ક્રાંતિ કોઈ મોટી પ્રયોગશાળામાંથી નથી નીકળતી.

ક્યારેક તે બંદર પર ઊભેલા એક માણસના મનમાં ઊઠેલા એક સરળ પ્રશ્નમાંથી જન્મે છે–

''આ કામ આપણે આ રીતે જ કેમ કરીએ છીએ?''

માલ્કમ મેકલીને બંદરમાં એક સમસ્યા જોઈ.

વોલ્ટર રિસ્ટને મેકલીનના વિચારમાં એક સંભાવના જોઈ.

અને બંનેની દૃષ્ટિ મળતાં એક એવો પરિવર્તન શરૂ થયો, જેણે વિશ્વના માલસામાનના પરિવહનની રીત બદલી નાખી.

આ પ્રસંગ આપણને એક બીજી મહત્વની વાત પણ શીખવે છે.

અનુભવ કરતાં તેનાથી પ્રાપ્ત થયેલી નવી દૃષ્ટિ આમૂલ ક્રાંતિની સર્જક બની રહે છે

મેકલીનને શિપિંગનો અનુભવ નહોતો, પરંતુ તેમને પરિવહનની સમસ્યા સમજાઈ હતી. રિસ્ટનને મેકલીનના વ્યવસાયનો અનુભવ નહોતો, પરંતુ તેમને મેકલીનના વિચારમાં રહેલી સંભાવના સમજાઈ હતી. બીજામાં રહેલી સંભાવનાને સાચા સમયે ઓળખવું એ માણસની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

કદાચ જીવનની સિક્કાની ત્રીજી બાજુ પણ આ જ છે– જે સમસ્યા બધાને દેખાય છે, તેમાં છુપાયેલી સંભાવના દરેકને દેખાતી નથી.

આ ઘટના બે વાતનો બોધ આપે છે:

એક, મોટી ક્રાંતિ હંમેશા મોટી લેબોરેટરીમાંથી નથી આવતી. ઘણીવાર તે બંદર પર ઊભેલા એક માણસના સીધા સવાલમાંથી જન્મે છે કે, ''આ કામ આ રીતે જ કેમ થાય છે?''

બીજો, સૌથી મોટો બોધ: મેકલીને સમસ્યા જોઈ, પણ રિસ્ટને મેકલીનમાં સંભાવના જોઈ.

પરંપરાને અનુસરવા કરતાં તે કાર્યને સરળ અને સુઘડ બનાવવવા સક્રિય પ્રયત્ન કરવો તે જ સાચી ક્રાંતિ છે.

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા અને સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ**

# ભિલાડ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ ભવ્ય સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**



દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા, સુશાસન અને સમર્પણના ૨૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં સમગ્ર રાજ્યભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ સેવાકીય અને પ્રજાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અભિયાનના ભાગરૂપે આજરોજ ઉમરગામ તાલુકાના ભિલાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં 'સેવા મેરા યોગદાન' અંતર્ગત સ્વચ્છતા અભિયાનનું સુંદર અને સફળ આયોજન હાથ ધરવામાં આવ્યુ હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ આગેવાનો અને કાર્યકરોએ હાથમાં ઝાડુ લઈ જાતે શ્રમદાન કર્યું હતું અને સમગ્ર વિસ્તારની સાફ-સફાઈ કરી નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવી હતી. આ તકે આગેવાનોએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના જીવનમંત્ર સમાન જનસેવા અને સ્વચ્છતાના વિચારને જન-જન સુધી પહોંચાડવાનો આ અભિયાન મુખ્ય ઉદ્દેશ્ય છે

આ સ્વચ્છતા અભિયાનમાં ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર, ઉમરગામ તાલુકા પ્રભારી શ્રી મુકેશ તિવારી, ઉમરગામ તાલુકા પ્રમુખ ડૉ. નીરવ શાહ, જિલ્લા સંગઠન ઉપપ્રમુખ શ્રી નરેશ વળવી, જિલ્લા ઓ.બી.સી. મોરચાના પ્રમુખ શ્રી નિલેશ ભંડારી, પૂર્વ સંગઠન પ્રમુખ શ્રી દિલીપ ભંડારી, તાલુકા સંગઠન મહામંત્રી શ્રી સતીશ કારભારી અને શ્રી ચેતન રાઉત, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સંતોષ વલવી, કારોબારી પ્રમુખ શ્રી મનીષ પટેલ તેમજ સ્થાનિક ભિલાડ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી વૈશાલીબેન જાધવ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત સંગઠનના પદાધિકારીઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો, પંચાયત પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.